Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. માગશિર્ષ. આત્મ સં. ૩૩. અંક ૫ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

૧ જીન દર્શન મહિમા ફળ ... ... ૧૧૩
૨ પાપ પ્રતિઘાત–પ્રવચન ગુણ બીજાધાન સૂત્ર. ... ... ... ... ૧૧૪
૩ આત્મકલ્યાણની શિખામણ. ... ૧૧૮
૪ માણસામાં રહેલું સ્વાનુભવપૂર્ણ ચૈતન્ય. ... ... ... ... ૧૧૯
૫ શ્રીમહાવીર વચન ... ... ... ૧૨૦
૬ ધન સંબંધી કંઇક.... ... ... ૧૨૧
૭ જૈન ધર્મ... ... ... ... ૧૨૪
૮ આદર્શ પત્ની. ... ... ... ૧૨૮
૯ સ્ત્રીઓનું શિક્ષણ, વાંચન કેવું હોવું જોઇએ? ... ... ... ... ૧૩૦
૧૦ વર્તમાન સમાચાર. ... ... ૧૩૨
૧૧ સ્વીકાર અને સમાલોચના. ... ૧૩૪
૧૨ મૂળનું, જુનું અને નવું... ... ૧૩૭
૧૩ વિષય નિષેધ ... ... ... ૧૩૮

મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વસુદેવ હિંડી ગ્રંથ.

ઉપરોક્ત પ્રાકૃત ભાષાનો ગ્રંથ તેમાં સહાય આપનાર બંધુઓની ઇચ્છાનુ સાર માત્ર જ્ઞાનભંડારો અને તે ભાષાના જાણનાર મુનિમહારાજાઓના ઉપયોગ માટે જ છપાય છે, ગ્રંથ એટલો મોટો છે કે તેટલી પૂરતી સહાયના અભાવે તેના અમુક ભાગો કટકે કટકે તૈયાર થતાં જાય તેમ તેમ પ્રગટ કરી, તેની આવતી કિંમત-માંથી ક્રમેક્રમે બીજા ભાગો પ્રકટ કરી આખો ગ્રંથ પ્રકટ થશે હાલમાં તેનો પ્રથમ ભાગ પ્રકટ થવાની તૈયારી છે. આવા ઉચ્ચ પ્રતિનું અને પ્રાચીન સાહિત્ય સાથે પ્રકટ કર્ત્તા આ સભાનું માત્ર મુબારક નામ જોડાય, તે પણ સભાનું અહોભાગ્ય અને જ્ઞાનભક્તિનું કાર્ય છે.

## જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને :—

અમારા ગ્રાહકોને ચાલુ સાલના પુસ્તકો માગશર માસમાં વી–પી–થી મોકલવાનું અમોએ જણાવેલ. પરંતુ શ્રી **અજારા પાર્શ્વનાથ ચરિત્રના** પુસ્તકની વધુ ઈતિહાસીક હકીકત મેળવવામાં ઢીલ થવાથી તે છપાય છે, જેથી પોષ માસની આખરીએ વી. પી. શરૂ થશે.

**વધારામાં અમારા ગ્રાહકોને નીચેનો લાભ આપવાનો છે.**

જેમને જરૂર હોય હોય તેમણે મંગાવી લેવા કૃપા કરવી. કારણ કે દરેકની ૪૦૦ નકલ ઘટાડેલ ભાવે ગ્રાહકોને આપવાની છે.

૧. ગુર્જરેશ્વર કુમારપાળ. સચિત્ર. મોટી સાઇઝ પૃષ્ટ ૪૫૦ પાકું પુઠું. ઇતિહાસિક રસીક દલદાર ગ્રંથ જેની કિંમત રૂા. ૪) છે તે રૂા. ૨–૪–૦ માં મલશે.
૨. વિમલમંત્રીનો વિજય યાને ગુજરાતનું ગૌરવ મોટી સાઇજ પૃષ્ટ ૨૨૫ પાકું પુંઠું ઇતિહાસીક રસીક પુસ્તક જેની કિંમત રૂા. ૨) છે. તે રૂા. ૧–૪–૦
૩. કચ્છ ગીરનારની મહાયાત્રા, પૃષ્ટ ૩૫૦ પાકું રેશમી પુંઠું ૩૦ ચિત્રો સાથે જેની કિં. રૂા. ૨–૮–૦ છે તે રૂા. ૧–૧૨ ૦ માં મલશે.

ત્રણે પુસ્તક સાથે મંગાવનારને રૂા. ૫) માં અને છૂટક જણાવેલી ઘટાડેલી કિંમતે મલશે. પોસ્ટ ખર્ચ જુદું. સિવાય કોઇપણ સંસ્થાના પુસ્તકો અમારી પાસેથી મલી શકશે.

લખો—જૈન સસ્તી વાંચનમાલા–રાધનપુરી બજાર–**ભાવનગર.**
રૂબરૂ લેવા માટે—**પાલીતાણા**–જૈન સસ્તી વાંચનમાલા શાખા ઓફીસ.
**અમદાવાદ**–શેઠ હરીલાલ મુળચંદભાઈ. ઠે. રતનપોળ શેઠનીપોળ.

# જોઇએ છીએ.

શ્રી વરકાણા જૈન વિદ્યાલય માટે એક શ્વે૦ જૈન, ઉપર લાયક, ઉંચી કેળવણ લીધેલી સંસ્થાઓનો અનુભવી, સારીવર્તણુંકવાળા માણસની સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકેની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

લખોઃ—**શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય.**
મુ. વરકાણાતીર્થ રાણીથઇ ( મારવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५५. मार्गशिर्ष, आत्म संवत् ३३. { अंक ५ मो.

## જીન દર્શન મહિમાફળ.

( પદ્મ પ્રભુકી પૂજા શિવ સુખ દાનીરે—એ દેશી. )

પ્રીતે શ્રી જીનંદ પૂજા કરો ભવિ પ્રાણી રે.
જીનેશ્વર પૂજે ભાવે, ગીત ગુણ ગાવે ધ્યાવે,
શિવ વધુ વરે હરે ભવ દુઃખ ખાણીરે— પ્રીતે૦ ૧
ફળ એક ઉપવાસ, ભવિજન લહે ખાસ;
જીન ગૃહે જાવા તણી ઇચ્છા મન આણીરે— પ્રીતે૦ ૨
છઠ્ઠ ફળ પાવે ત્યારે, ઉઠત ઉમંગે જયારે;
જતાં માર્ગ માંહિ તપ અઠ્ઠમનું જાણી રે— પ્રીતે૦ ૩
જીન ચૈત્ય આવે પાસ, ફળ ચાર ઉપવાસ;
પ્રવેશ થવાનું ઉપવાસ પાંચ માનીરે— પ્રીતે૦ ૪
મધ્ય મંદિરે જાણો, પક્ષ ફળ પ્રીતે માને;
માસ ઉપવાસ મુખ દેખી જીન જ્ઞાની રે— પ્રીતે૦ ૫
અનુક્રમે જાણો એમ, જીનાગમે ભાખ્યું જેમ;
જીનવર સેવા ફળ મુકિત સુખદાનીરે— પ્રીતે૦ ૬

ઝં૦ છો૦ સુરવાડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાપ પ્રતિઘાત-પ્રવચનગુણ બીજાધાન સૂત્ર.

## સંક્ષિપ્ત વ્યાખ્યા.

અનુવાદક—સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

વીતરાગ સર્વજ્ઞ દેવેન્દ્ર પૂજિત યથા સ્થિત વસ્તુવાદી ત્રૈલોક્ય ગુરૂ અરૂહંત ( જન્મ-મરણ રહિત અરિહંત યા અર્હંત ) ભગવંતોને નમસ્કાર !

### જીવ માત્રને સંસાર-ભ્રમણ શી રીતે કરવું પડે છે? અને તેનો અંત શી રીતે આવી શકે છે ?

સર્વે અરિહંત ભગવંતો આ પ્રમાણે સભા સમક્ષ સ્પષ્ટપણે સમજાવે છે કે નિશ્ચે આ લોક મધ્યે જીવ આદિ રહિત-અનાદિનો છે તથા અનાદિ કર્મ સંયોગ જનિત, જન્મ જરા મરણ રોગ શોક લક્ષણ, દુઃખરૂપ, દુઃખ ફળવાળો અને દુઃખની પરંપરાવાળો સંસાર અનાદિ-આદિ રહિત છે.

આ અનાદિ સંસાર ભ્રમણનો અંત, શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ધર્મનું ઔચિત્ય વડે સતત સત્કાર-બહુમાન પૂર્વક વિધિવત્ સેવન કરવાથી થાય છે. ઉકત શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ, અજ્ઞાન મિથ્યાત્વ મોહનીય પ્રમુખ પાપ કર્મનો નાશ થવાથી અને ઉકત પાપકર્મનો નાશ તથાવિધ ભવ્યત્વ ( સ્વભાવ ) કાળ-પરિપાક નિવૃતિ-ભવિતવ્યતા અનુકૂળ કર્મને પુરૂષાતનવડે થવા પામે છે.

તથાવિધ ભવ્યત્વ-પરિપાકના સાધન અરિહંતાદિક ચારના શરણ ગ્રહવા, દુષ્કૃત્યોની નિંદા-ગર્હા કરવી, અને સુકૃત્યોનું સેવન-અનુમોદન કરવારૂપ કહ્યાં છે તેથી મોક્ષના કામી જનોએ ઉકત અનુષ્ઠાન આપત્ સમયે વારંવાર સદા સાવધાન પણે ત્રિકરણ શુદ્ધ કરવું અને સુખ સમાધિ સમયે ત્રિકાળ અવશ્ય કરવું.

### ચાર શરણાં પૈકી પ્રથમ અરિહંત શરણાદિ સ્વરૂપ નિવેદન.

૧ પરમ ત્રિલોકીનાથ, પ્રધાન પુણ્યના ભંડાર, સર્વથા રાગદ્વેષ મોહ વર્જિત અચિન્ત્ય ચિન્તામણિ સમાન, અને ભવસાગરમાંથી પાર પમાડવા પ્રવહણ તુલ્ય, એકાન્ત શરણ કરવા લાયક એવા અરિહંત ભગવંતોનું મ્હારે જીવિત પર્યન્ત શરણ હો !

૨ તથા જન્મ-જરા-મરણથી સર્વથા મુકત થયેલા, કર્મ કલંક રહિત, સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાબાધા વર્જિત, કેવળજ્ઞાન-દર્શન યુકત, મોક્ષનગર નિવાસી અનુપમ સુખ-સંપન્ન, અને સર્વથા કૃત કૃત્ય થયેલા એવા સિદ્ધ ભગવંતોનું શરણ હો !

૩ તથા પ્રશાન્ત-ગંભીર હૃદયવાળા, પાપ વ્યાપારથી વિરમેલા, પંચવિધ આચારમાં કુશળ, પરોપકાર સાધવા તત્પર, કમળવત્ નિર્લેપ રહેતા, શરદ જળ જેવા સ્વચ્છ હૃદયવાળા, જ્ઞાન ધ્યાનમાં રકત અને વિશુદ્ધમાન પરિણામવાળા સંત સાધુઓનું મને શરણ હો !

૪ તથા સુર અસુર અને મનુષ્યો વડે પૂજિત, મોહાંધકારને ટાળવા સૂર્ય સમાન, રાગ-દ્વેષરૂપી વિષને ટાળવા પરમ મંત્ર તુલ્ય, સમસ્ત કલ્યાણના હેતુ રૂપ કર્મ વનને બાળવા અગ્નિ સમાન અને પરમસિદ્ધિ દાયક એવા સર્વજ્ઞ ભાષિત ધર્મનું મને જાવજજીવ શરણુ હો !

ઉકત ચારે શરણાં આદરી હવે હું દુષ્કૃત્યોની નિન્દા કરૂં છું:—

## દુષ્કૃત્ય-આચરણની નિંદા-ગર્હા.

પરમપૂજ્ય અરિહંતો, સિદ્ધભગવંતો, આચારકુશળ આચાર્યો, ઉપાધ્યાયો, આત્મસાધક સાધુ-સાધ્વીઓ, તેમજ પૂજા-સત્કાર કરવા યોગ્ય બીજા ગુણીજનો પ્રત્યે તથા માતા-પિતા-બંધુઓ-મિત્રો કે ઉપગારીજનો પ્રત્યે અથવા ઓઘે જીવ માત્ર સમકિત પામેલા કે અણપામેલા પ્રત્યે, માર્ગદર્શક પુસ્તકો પ્રત્યે કે ખડ્ગાદિક શસ્ત્રો પ્રત્યે જે કંઈ વિપરીત આચરણ કર્યું હોય, અવિધિ આશાતનાદિકવડે નહીં આચરવાયોગ્ય, નહીં ઇચ્છવાયોગ્ય, પાપાનુબંધી પાપાચરણ નાનું કે મોટું મનથી વચનથી કે કાયાથી, રાગવડે, દ્વેષવડે કે મોહવડે, આ ભવમાં કે અનેરા ભવોમાં કર્યું, કરાવ્યું, કે અનુમોદ્યું હોય તે સમસ્ત પાપાચરણ, કલ્યાણમિત્રરૂપ ગુરૂદેવના ઉપદેશ-વચનયોગે નિંદવા-ગર્હવાયોગ્ય અને છંડવાયોગ્ય જાણ્યું; શ્રદ્ધાવડે એ હિત વાત તથાપ્રકારે અંતરમાં રૂચી; તેથી કરીને સમસ્ત અરિહંત-સિદ્ધની સાખે છંડવાયોગ્ય ઉક્ત સકળ પાપાચરણને હું નિન્દું છું-ગર્હું છું. એ સંબંધી લાગેલું પાપ મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ ! અર્થાત્, અરિહંત-સિદ્ધ સમક્ષ મારા સકળ પાપ નિવેદન કરી માફી માગું છું.

## 'શુદ્ધ અંતરના ઉદ્ગાર'

ઉકત પાપની આલોચના મારે યથાર્થ ભાવરૂપે થાઓ ! અને ફરી તેવાં પાપ-આચરણ મારાથી બનવા ન પામે તેમ થાઓ ! એ ઉભય વાત મને બહુ ગમી છે, તેથી શ્રી અરિહંત ભગવંતો તથા કલ્યાણમિત્રરૂપ ગુરૂમહારાજની હિત-શિક્ષાને અંતરથી ઇચ્છું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને એમનો પુણ્ય-સંયોગ પ્રાપ્ત થાઓ ! મને એવી રૂડી પ્રાર્થના કરવાનું પ્રાપ્ત થાઓ ! એવી રૂડી પ્રાર્થના કરતાં મને હૃદયપ્રેમ જાગ્રત થાઓ ! અને ઉક્ત પ્રાર્થના થકી મને મોક્ષબીજરૂપ કલ્યાણકારી સફળ સાધનમાર્ગ પ્રાપ્ત થાઓ ! અરિહંત ભગવંતનો ને કલ્યાણમિત્રરૂપ ગુરૂમહારાજનો સંજોગ પ્રાપ્ત થયે છતે હું તે મહાનુભાવોની સેવા ઉપાસના કરવાને લાયક બનું, તેમની પવિત્ર આજ્ઞાને પાળવા લાયક બનું, તેને અંગીકાર કરવા ઉજમાળ બનું અને તે પ્રમાણે અતિચારાદિ દોષ રહિત તેનું સેવન કરી પારગામી થાઉં, અર્થાત્ તેમની આજ્ઞાને યથાર્થ રીતે પામી પાર ઉતરી જાઉં.

## સુકૃત્ય સંબંધી અનુમોદન.

કેવળ મોક્ષાર્થી સતો હું શક્તિને છુપાવ્યા વગર સર્વ સુકૃત્યોનું અનુમોદન કરૂં છું. સર્વે અરિહંતો સંબંધી ધર્મ દેશનાદિક સદ્ અનુષ્ઠાનની હું અનુમોદના કરૂં છું. તેમજ સર્વે સિદ્ધોના સિદ્ધભાવને, સર્વે આચાર્યોના ઉત્તમ આચારને, સર્વે ઉપાધ્યાયો સંબંધી સૂત્ર પ્રદાનને સર્વે સાધુજનોની સાધુ ક્રિયાને, સર્વે શ્રાવક સંબંધી મોક્ષસાધન યોગોને તેમજ ઇન્દ્રાદિક સર્વે દેવો અને નિકટભવી એવા શુદ્ધ આશયવાળા સર્વે ભવ્યજીવોના માર્ગાનુસારીપણા રૂપ માર્ગ સાધન યોગોની હું અનુમોદના કરૂં છું.

ઉક્ત સુકૃત-અનુમોદના, મારે સમ્યગ્ સૂત્રાનુસારે વિધિપૂર્વક, શુદ્ધ આશયવાળી, આચરણરૂપે યથાર્થ પાળવારૂપ, અને તેનો યથાર્થ નિર્વાહ કરવાવડે અતિચાર દોષ રહિત-નિર્દોષભાવે પરમગુણ યુક્ત અરિહંતાદિકના પ્રભાવથી હો ! કેમકે અચિન્ત્ય શક્તિવાળા તે અરિહંત ભગવંતો વીતરાગ સર્વજ્ઞ પરમ કલ્યાણરૂપ હોઈ ભવ્યજનોને પરમકલ્યાણના હેતુરૂપ થાય છે.

મૂઢ, પાપી અને અનાદિ મોહવાસિત સતો વસ્તુતઃ હિતાહિતનો અજાણ એવો હું હિતાહિતને સમજું-જાણુ થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં અને હિતમાર્ગમાં પ્રવૃત્ત થાઉં અને સર્વ પ્રાણીવર્ગ સંબંધી ઉચિત સેવા આદરી હું આરાધક થાઉં; એ રીતે સ્વહિતરૂપ સુકૃત-અનુમોદનાને હું અંતઃકરણથી ઇચ્છું છું-ઇચ્છું છું-ઇચ્છું છું.

એ પ્રમાણે આ સૂત્રને ભાવોલ્લાસપૂર્વક પઢનાર, સાંભળનાર તેમજ તેના રહસ્યાર્થનું ચિન્તન-મનન કરનારનાં અશુભકર્મના અનુબંધ પાતળા-ઢીલા પડે છે, કમી થાય છે ને ક્ષીણ થવા પામે છે. અથવા આ સૂત્રના અભ્યાસ જનિત શુભ પરિણામવડે, બાકી રહેલાં અશુભકર્મ અનુબંધ રહિત-સત્ત્વ વગરનાં થયાથી વૃદ્ધિ પામી શકતાં નથી અને મંત્ર સામર્થ્યવડે કટકબદ્ધ વિષની પેરે અલ્પફળ-વિપાક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળાં, સુખે ટાળી શકાય એવાં, અને ફરી પાછાં ન બંધાય એવાં નિર્મળ થવા પામે છે.

વળી શુભ કર્મના અનુબંધ સહેજે એકત્ર થવા પામે છે અને ભાવની વૃદ્ધિ વડે ખુબ દૃઢ ને સંપૂર્ણ થવા પામે છે; તથા પ્રધાન શુભ ભાવાર્જિત; નિશ્ચિત ફળદાયી સાનુબંધ શુભકર્મ, સારી રીતે પ્રયુંજેલા મહા ઔષધની પેઠે એકાન્ત કલ્યાણકારી, શુભ પ્રવર્તક અને પરંપરાએ પરમ સુખસાધક બને છે. એટલા માટે આ સૂત્રને અશુભ ભાવના નિરોધવડે શુભભાવના બીજરૂપ જાણીને; પ્રશાન્તચિત્તે નિયાણારહિત, રૂડી એકાગ્રતા-સ્થિરતાપૂર્વક સારી રીતે ભણવું, વ્યાખ્યાનદ્વારા આદરથી સાંભળવું અને તેના અર્થ રહસ્યનું ચિન્તવન કરવું. સુરવરો, નરવરો ને યોગીજનોવડે વંદિત એવા પરમ ગુરૂશ્રી વીતરાગ પરમાત્માઓને નમસ્કાર! તેમજ નમસ્કાર કરવા યોગ્ય બાકીના સહુ સદ્ગુણ સંપન્ન આચાર્યાદિકોને નમસ્કાર! સર્વજ્ઞ શાસન જયવંત વર્તો! શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રણીત ધર્મની પ્રાપ્તિવડે મિથ્યાત્વ દોષની નિવૃત્તિયોગે ભવ્યાત્માઓ સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ!

ઈતિ પંચસૂત્ર મધ્યે પ્રથમ સૂત્રસ્ય સંક્ષિપ્ત વ્યાખ્યા સમાપ્તા.

---

## અથ દ્વિતીય સાધુધર્મ પરિભાવના સૂત્રસ્ય સંક્ષિપ્ત વ્યાખ્યા૦

તથાવિધ કર્મના ક્ષયોપશમવડે શ્રાવકધર્મ યોગ્ય અણુવ્રતાદિક આદરવાની શ્રદ્ધા-રૂચિ પ્રગટ થયે છતે તે ધર્મગુણોનું સ્વાભાવિક સુંદરપણું ભવાન્તરમાં રૂડી વાસનારૂપે અનુસરવાપણું, પર પીડાદિક પાપ કર્મની નિવૃત્તિવડે પરોપકારી પણું તથા પરંપરાએ મોક્ષ સાધનરૂપે પરમાર્થ હેતુપણું આત્માર્થી જનોએ વિચારવું.

તથા નિરંતર તે ધર્મગુણોના આદરપૂર્વક સેવનરૂપ અભ્યાસના અભાવથી તેનું દુઃખે પાળવાપણું, ભગવદ્ આજ્ઞાના ભંગથી ભયંકરતા, ધર્મદૂષકપણાવડે મહામોહનું ઉત્પન્ન થવાપણું અને તેના તેવા ધર્મગુણોને ફરી પામવાનું દુર્લભપણું ધર્મના અર્થીજનોએ વિચારવું.

એ રીતે સમજી યથાશક્તિ શાસ્ત્રોક્ત વિધિવડે અત્યંત ભાવોલ્લાસપૂર્વક ધર્મવ્રતો આદરવાં તે આ પ્રમાણેઃ—

૧ સ્થૂલ પ્રાણાતિપાત (પ્રાણહિંસા) વિરમણ, ૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ, ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ, ૪ સ્થૂલ મૈથુન વિરમણ તથા ૫ સ્થૂલ પરિગ્રહ વિરમણ (પરિગ્રહ પ્રમાણ), ઇત્યાદિ૦

ઉક્ત વ્રતોને વિધિયુક્ત આદરી, તેનું પાલન કરવા સાવધાન રહેવું. શાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યયન–શ્રવણાદિવડે સદા આજ્ઞા ગ્રાહક થાવું. તેના અર્થ ચિન્તનવડે સદા આજ્ઞા ભાવિક થાવું, અને તદનુકુલ અનુષ્ઠાનને સદા આધીન થાવું. કેમકે સર્વજ્ઞ વીતરાગના આજ્ઞા વચનરૂપ આગમ મોહવિષને ટાળવા પરમ મંત્રસમાન, દ્વેષ–અગ્નિને શમાવી દેવા જળસમાન, કર્મ વ્યાધિને ટાળવાં પરમ ઔષધસમાન અને મોક્ષ–ફળ આપવાને કલ્પવૃક્ષ સમાન વખાણેલ છે. (ચાલુ).

# આત્મકલ્યાણની શિખામણ.

મોકલનાર—મણીલાલ ખુશાલચંદ પરીખ–પાલણપુર.

હરેક મનુષ્ય આ સંસારમાં અવતરીને ખાવું, પીવું, પહેરવું, વેપાર ધંધો કરવો, ઘર કામ કરવાં વિગેરે વહેવાર તો કોઇના ઉપદેશ અને શીખવ્યા વિના પણ અનાદિકાળના તે સંસ્કાર હોવાથી કરે છેજ. પણ આત્મકલ્યાણના સંસ્કાર નવા અને બંધન રૂપ લાગતા હોવાથી ઘણા મહા પુરૂષોના ઉપદેશ અને બોધ છતાં તે તરફ રૂચિ જોઈએ તેવી થતી નથી. તે માટે નીચેની આત્મ–કલ્યાણની શિખામણ દરેકે મનન કરી અવસરે અવસરે અમલ કરવાથી કંઇક પણ આત્મ કલ્યાણ થશે.

(આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી કૃત.)

કરતા નહી કછુ સોચ અબ, મનુષ્ય હુઆ તો કયા હુઆ.
મોતી વ પન્ના હીરલા, પુખરાજ નિલમ ચૂનિયાં;
અપના હીરા દેખા નહી, જહૌરી હુઆ તો કયા હુઆ. કરતા૦ ૧
સોના સુહાગા આગશે, દેખ ખોટ સગરી જારતા;
અપના સુવર્ણ શોધ્યા નહી સરાફ હુઆ તો કયા હુઆ. કરતા૦ ૨
ચાંદી વ સોના વેચતા, હુંડી બજાજી દેખતા;
પરલોકકા દેખ્યા નહી, વ્યાપારી હુઆ તો કયા હુઆ. કરતા૦ ૩
મુદ્દઇ મુદ્દાલા દેખતા, કાનૂન કિતાબો ખોલતા,
અપના ગુન્હા દેખા નહી, મુન્સફ હુઆ તો કયા હુઆ. કરતા૦ ૪
માતપિતા સુત બ્હેન ભાઇ, ઓર તિરિયા જમાઇરે;
નિજ રૂપ આત્મ કે વિના, "વલ્લભ" હુઆ તો કયા હુઆ. કરતા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણુસમાં રહેલું સ્વાનુભવ પૂર્ણ ચૈતન્ય.

મનુષ્ય કાંઇ જીવતું શરીર માત્ર નથી. તે આત્મસ્વરૂપ છે. અને તેથી જીવનના સ્થૂલ અને બાહ્ય ક્રિયાઓના દૃષ્ટિબિંદુથી કેવળ વાસ્તવિક લાગતા વિચારોથી કદી પણ તે સંતુષ્ટ રહી શકતો નથી. તેના સ્વાનુભવ પૂર્ણ ચૈતન્યમાં સ્થૂલતાથી પર રહેલાં સત્યોની સૂચનાઓ અને ચિન્હો આવી રહેલાં છે. તેનામાં અનંતતા અને અમૃતત્વની ભાવના રહેલી છે. બીજી ભૂમિકાઓ, ઉચ્ચ શકયતાઓ અને અનુભવનાં બીજાં ક્ષેત્રો વિષે તે નિશ્ચય પૂર્વક નિર્ણય કરી શકે છે. ભૌતિક શાસ્ત્રો આપણને અસ્તિત્વના બાહ્ય સત્યનું તથા આપણા શારીરિક અને પ્રાણમય જીવનનું ઉપર ચોટીયું જ્ઞાન સ્વાનુભવપૂર્ણ ચૈતન્યનો વિકાસ કરી આપે છે. પરંતુ આપણને લાગે છે કે તેનાથી પર બીજાં સત્યો પણ રહેલાં છે, અને સ્વાનુભવ પૂર્ણ ચૈતન્યનો વિકાસ કરીને તે સત્યોને આપણે વધારે સ્પષ્ટ રીતે પ્રાપ્ત કરી શકીશું. જ્યારે આપણને આ દૃશ્ય જગતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે આપણે અદૃશ્ય અસ્તિત્વની શોધમાં અનિવાર્ય રીતે દોરાઇએ છીએ. આપણા મનની છીછરી સપાટીનું અને આપણા શારીરિક જીવનનું જ્ઞાન આપણે માટે બસ નથી; આપણું મન જેને ગ્રહણ કરે છે તે ભૂમિકા જે અનંત પ્રદેશો અજ્ઞાત છે તેની સીમા માત્ર છે. એ પ્રદેશોમાં શોધખોળ કરવાનું કામ તો ઉપલકીઆ માનસ શાસ્ત્રથી જુદાજ શાસ્ત્રનું છે.

## યોગ.

પ્રત્યેક મહાન ધર્મની પાછળ અર્થાત તેની વિધિ, શ્રદ્ધા, આશાઓ, ફળની લાલચો, પ્રતિકો, છુટાં છવાયાં સત્યો વિગેરેની પાછળ જ્ઞાનપ્રાપ્તિ કરાવવાના હેતુથી આંતર આધ્યાત્મિક વિકાસનો–યોગનો સાધન માર્ગ પણ આવેલો હોય છે. એ માર્ગને અનુસરવાથી ગૂઢ સત્યોનું જ્ઞાન થઇ તેમનું અનુસરણ તથા તેમને પ્રાપ્ત પણ કરી શકાય છે. પ્રત્યેક ધર્મના બાહ્યાચારની પાછળ યોગ સાધનાની પ્રણાલિ આવી રહેલી હોય છે. ધર્મમાં જે શ્રદ્ધા જોઇએ છીએ તે યોગસાધના દ્વારા પ્રાપ્ત થતાં **સહજ જ્ઞાન** પ્રત્યે પ્રથમ પગથીયું છે. વળી, ધર્મમાં જે પ્રતિકો વપરાય છે તે બધા યોગમાં અનુભવાતા અનિર્વચનીય સત્યોના રૂપક જેવા છે. તેના છુટા છવાયા સત્યોનું ઉંડું રહસ્ય દર્શાવનારાં સ્વરૂપો છે. અરે ધર્મનાં ફરજીઆત થઇ પડેલાં મંતવ્યો પણ યોગની ભૂમિકાના અપકવ સૂચકો છે.

**અ. બા. પુરાણી.** **શ્રી અરવિંદ.**

**એક શુદ્ધ આત્માને ( ચોવીશ તીર્થંકરમાના કોઇને ) આદર્શ તરીકે સતત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારણ કરી તેને પ્રાપ્ત કરવો તથા તેને પ્રાપ્ત કરીને ઉચ્ચ શિખર ઉપરથી આપણા સ્થૂલ જીવનને અર્થાત શારીરિક જીવનને સુદ્ધાં ધારણ કરવું તે યોગનો ઉદ્દેશ હોવો જોઈએ.

નાનચંદ ઓધવજી દોશી.

# શ્રી મહાવીર વચન.

( પ્રભાત. )

વચન મહાવીરનાં ઝરણ અમૃત સમાં, ઝીલતાં જીવ સમકિત પામે;
તાપ પરિતાપ સંતાપ સહુ ઉપશમે, મૂળગાં મોહમિથ્યાત્વ વામે. વચન૦ ૧
વચન મહાવીરનાં રત્નનિધિસમાં, લૂટતાં દુઃખ દારિદ્ર નાસે;
સંપત્તિ બહુવિધ સાંપડે ઈષ્ટ આવી મળે, દેવી કમળા રહે નિત્ય પાસે. વ૦ ૨
વચન મહાવીરનાં સુધારસ સમાં, ચાખતાં ચઉગતિ અંત આવે;
જ્ઞાન આનંદની ઉર્મીઓ ઉછળે, ઉપશમ રસઝરે અમોલું અનુપમ સુખ પાવે. વ૦ ૩
વચન મહાવીરનાં કર્ણગોચર થતાં, કર્મના બંધ તત્કાળ તુટે;
સુખ સંપદા વિધવિધ વિસ્તરે, વિઘ્ન વેગે ટળે, પૂણ્યના અંકુરા આપ ફુટે. વ૦ ૪
વચન મહાવીરનાં ઉરવિષે ધારતાં, રંગ વૈરાગ્યનો ખુબ જામે;
તિમિર દૂષણ ટળે, જ્ઞાન લોચન વિકાસે, પાર સંસારનો સહેજ પામે. વ૦ ૫
વચન મહાવીરનાં સર્વથા હિતકરાં, પ્રીતથી પ્રાણીઆ પાન કીજે;
આળ પંપાળ જંજાળ ભવ ભ્રમણની નિસ્તરે, સ્વર્ગ અપવર્ગની રિદ્ધિ લીજે. વ૦ ૬
આદરો આદર કરી વચન એ વીરનાં, ધીર મહાવીર સમ સ્થિર થાવા;
નીતરાં નિર્મળાં મીઠડાં મનહરાં વચનના વહેણમાં, દોડજો નેહથી નિત્ય નહાવા. વ૦ ૭

છગનલાલ નહાનચંદ નાણાવટી.
વેજલપુર-ભરૂચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન સંબંધી કંઇક.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

મનુષ્યના જીવનનો ધનની સાથે ઘણો જ ઘનિષ્ઠ સંબંધ રહેલો છે અને જેમ જેમ સભ્યતા, જન-સંખ્યા અને પ્રતિદ્વન્દ્વતા વધતી જાય છે તેમ તેમ એ સંબંધ પણ વધારે ઘનિષ્ઠ બનતો જાય છે. સંસારમાં એવા અનેક મનુષ્યો જોવામાં આવશે કે જેઓ કાંઇપણ ભણ્યા નહોય, પરંતુ એવા લોકો તો ઘણા થોડા નજરે પડશે કે જેઓ પોતાની આજીવિકા અર્થે ધન નહિ કમાતા હોય. એ સિવાય આજકાલ એમ પણ જોવાય છે કે મનુષ્યના ચારિત્ર આદિ ઉપર દ્રવ્યનો ઘણો જ પ્રભાવ પડે છે. તેમજ લોકોપકારનાં અનેક કાર્યો દ્રવ્યની સહાયથી જ બહુ ઉત્તમતા પૂર્વક તથા જલ્દીથી થાય છે. એટલા માટે એના સંબંધી અહિં આગળ થોડા વિચારો રજુ કરવાની આવશ્યકતા પ્રતીત થાય છે.

ધન સંબંધી કેટલાક લોકોનો એવો મત છે કે તેનો સંગ્રહ અતિ વધારે અથવા વ્યર્થ ન કરવો જોઇએ. તેઓ કહે છે કે ધન એક જંજાળરૂપ છે. તેનાથી મનુષ્યને ચિંતા વધે છે, મનુષ્ય લાલચુ બની જાય છે. અને તેનાથી લોકો જેટલા વધારે સુખની આશા રાખે છે તેટલું સુખ મળી શકતું નથી. એટલું તો નિર્વિવાદ છે કે ધન કમાવામાં તેમજ તેનો સંગ્રહ કરી રક્ષણ કરવામાં ઘણું જ કષ્ટ ઉઠાવવું પડે છે. લોકો ધન કમાવા ખાતર દિવસરાત ઘોર પરિશ્રમ કરે છે, દિવસરાતનું પણ ભાન રાખતા નથી અને તેનો સંચય કરવા ખાતર અનેક જાતનાં શારીરિક કષ્ટ ભોગવે છે. તેઓનું આખું જીવન ધનની ચિંતામાં જ વ્યતીત ;થાય છે. જ્યાં તેનું ધન રહે છે ત્યાં આગળ જ તેઓનો જીવ રહે છે. જે ધનને લોકો સાક્ષાત્ ઈશ્વર તુલ્ય સમજે છે તે જ ધનથી અનેક પ્રસંગે તેઓની ચિંતા અને માનસિક કે શારીરિક વેદના લેશ પણ ઓછી થતી નથી. અનેક લોકો ધન મેળવીને દુરાચારી બની જાય છે, તેમજ અનેક લોકો અન્યાય અથવા અત્યાચાર કરવા લાગે છે. અનેક લક્ષાધિપતિ તથા કરોડાધિપતિ લોકો 'પૈસાદાર' કહેવાય છે, પણ વાસ્તવિક રીતે તો તેઓ 'પૈસાદાસ' હોય છે. કોઇ કોઇ વખત તો એ જ ધન તેઓના આત્માનું ઘાતક નિવડે છે. ધનનો નાશ થાય ત્યારે પણ મનુષ્યની ચિંતા એથી પણ વધે છે. ઘણે ભાગે એવા વખતે લોકોને અસહ્ય માનસિક વેદના થાય છે અને કોઇ વખત તેઓના પ્રાણસુદ્ધાં જાય છે. આવા આવા અનેક પ્રકારના દોષો ધન સંબંધમાં ગણાવવામાં આવે છે. એ ઉપરથી જ કહ્યું પણ છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जनयन्त्यर्जने दुःखं तापयन्ति विपत्तिषु ।
मोहयन्ति समृद्धा च कथमर्थाः सुखावहाः ॥

એથી ઉલ્ટું ઘણા લોકોનો એવો વિશ્વાસ હોય છે કે સંસારના સઘળા પદાર્થોમાં ધન જ શ્રેષ્ઠ છે અને માત્ર એનો જ સંગ્રહ કરવાને દરેક મનુષ્યને પ્રેમ હોવો જોઇએ. '**सर्वे गुणाः कांचनमाश्रयन्ति**' અનુસાર ધનમાંજ સર્વ જાતના ગુણો રહેલા છે અને એની સાથે સરખાવતાં સંસારના સઘળા ગુણો તુચ્છ છે. એક ફારસી કહેવત અનુસાર ધન ભલે ઈશ્વર નથી, પરંતુ તેની અંદર ઈશ્વરના સઘળા ગુણો રહેલા છે. તેથી દરેક મનુષ્યે જીંદગીને ભોગે પણ દ્રવ્યોપાર્જન કરવું જોઇએ.

હવે આ બન્ને પક્ષોમાંથી કોઇ એક પક્ષની સઘળી વાતો પુરેપુરી સ્વીકારી શકાય એવી નથી. દ્રવ્ય એક નિરર્થક અને તુચ્છ પદાર્થ નથી. તેમજ ઈશ્વરનો અવતાર નથી. સંસારના સઘળાં કાર્યો ધનથી જ થઇ શકે છે એમ ન કહી શકાય. તેમજ મનુષ્યના સઘળાં કાર્યો ધન વગર જ સારી રીતે થઇ શકે છે એમ પણ ન કહી શકાય. દ્રવ્ય મનુષ્યને દુરાચારી અથવા અત્યાચારી બનાવી શકે છે તોતે દ્વારા અનેક દીન–દુ:ખીયોના ઉપકાર અને કલ્યાણ કરી શકાય છે. એટલે વસ્તુત: દ્રવ્ય એક એવી વસ્તુ છે કે જેના સદુપયોગ કે દુરૂપયોગનો આધાર ઘણે ભાગે માણસના નૈતિક ગુણો ઉપર રહેલો છે.

જો મનુષ્ય સંસારની સઘળી ઉપાધીયો છોડી દઇને ત્યાગી બની જાય તો જુદી વાત છે; નહિ તો પોતાની પ્રતિષ્ટાનું રક્ષણ કરવા માટે, બીજા લોકોને સહાય કરવા માટે તેમજ અનેક પ્રકારની આકસ્મિક આપત્તિઓથી પોતાની જાતને બચાવવા માટે ધનની મહાન આવશ્યકતા રહે છે. ગૃહસ્થાવસ્થામાં અચાનક એવા અનેક પ્રસંગ આવે છે કે જે વખતે જો મનુષ્ય થોડો ઘણો ખર્ચ ન કરે તો તેની પ્રતિષ્ટા જળવાતી નથી. દીન–દરિદ્રી તથા દુ:ખી મનુષ્યો ને સહાય કરવા માટે પણ ધનની આવશ્યકતા રહે છે. અનેક પ્રસંગે સાધારણ સ્થિતિના લોકો ધનના અભાવને લઇને જ બીજાને સહાયતા કરી શકતા નથી; પરંતુ જેની પાસે ધન હોય છે તે એકદમ પોતાની ઉદારતાથી પરોપકાર વૃત્તિનો પરિચય કરાવે છે અને શીઘ્રતાથી કોઇનું દુ:ખ દૂર કરી શકે છે. કદાચ મનુષ્ય અચાનક બીમાર પડી જાય અને થોડા દિવસ સુધી ધન ઉપાર્જન કરવાને લાયક ન રહે તો એવી સ્થિતિમાં તેનું પૂર્વ–સંચિત ધન જ તેને ઉપયોગી થઇ પડે છે. લગ્ન વિગેરે અવરારોએ ધન વગર કશું થઇ શકતું નથી. એવા પ્રસંગે મનુષ્ય પોતાની પાસેથી દ્રવ્ય કાઢી શકતો નથી તો તેને શરમાવું પડે છે અને બીજા આગળ પોતાનો હાથ લંબાવવો પડે છે–કદિ કોઇ મનુષ્ય નિર્ધન અવસ્થામાંજ મરી જાય તો તેની પાછળ તેનાં બાળબચ્ચાંને બહુ દુ:ખ વેઠવું પડે છે. પોતાના કુટુંબના જે લોકોનું ભરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષણ કરવું એ મનુષ્યનું પરમ કર્તવ્ય છે તેઓને દીન હીન અને અનાથ સ્થિતિમાં મુકીને જે મનુષ્ય જાય છે તે મહાન અપરાધી ગણાય છે. એવી સ્થિતિમાં જો તેની પાસે પૂર્વ સંચિત થોડું ઘણું દ્રવ્ય હોય છે તો તે તેના બાળબચ્ચાંને મોટા આધાર રૂપ થઇ પડે છે. એ રીતે બીજા ઘણા ઘણા એવા પ્રસંગો છે કે જેમાં ધનથી ઘણું કામ થઇ શકે છે–આમ છે તો પછી પ્રત્યેક મનુષ્યનું પરમ કર્તવ્ય એ છે કે તેણે હમેશાં પોતાની કમાણીમાંથી કાંઇને કાંઇ બચાવવું જોઇએ.

પરંતુ આમ કહેવાનું એ તાત્પર્ય નથી કે મનુષ્યે સંસારના સુંદર વિચારો અને કાર્યોને તિલાંજલી આપીને એક માત્ર ધનની જ ચિંતા કર્યા કરવી, એવો મનુષ્ય તો લોભી ગણાય છે. અને વખત આવતાં અનેક પ્રકારના પાપ તથા અન્યાય કરી શકે છે. અંગ્રેજ વિદ્વાન બેકનનું કથન છે કે ધનની વધારે પડતી ચિંતામાં મનુષ્ય પોતાનો એટલો બધો સમય ગુમાવે છે કે જેમાં પોતે જરૂર કરતાં વધારે સમય ગુમાવે છે. કે જેમાં પોતે ધન કરતાં વધારે ઉત્તમ બાબતો ઉપર ધ્યાન આપી શકે છે. અથાત્ મનુષ્ય જેટલી સારી બાબતોનું ચિંતન કરી શકે છે એમાંના એક બાબત ધન હોવા છતાં તે સર્વ શ્રેષ્ઠ તો નથી જ. ધનની આવશ્યકતા કોઇ વિશિષ્ટ પ્રસંગે વિપત્તિથી બચવા માટે અથવા પરોપકાર આદિ ઉત્તમ કાર્યો કરવા માટેજ રહે છે. ધન તો ત્યાં સુધી જ સારૂં ગણાય છે કે જ્યાં સુધી તે વડે જીવનની ઉપયોગિતા વધે છે. જે જીવન કેવળ ધન સંગ્રહ કરવામાં વીતાડવામાં આવે છે તે કદિ પણ ઉપયોગી તથા સારૂં ગણાતું નથી. મનુષ્યને સાધારણ રીતે જેટલા ધનની આવશ્યકતા હોય છે તેટલા પુરતો તેનો સંગ્રહ સારો છે, કેમકે તે વડે આપણો જીવન–નિર્વાહ થાય છે, પરંતુ એથી વધારે ધન આપણને જંજાળરૂપ તથા બોજારૂપ થઇ પડે છે. આવી સ્થિતિમાં જે મનુષ્ય દાની અથવા પરોપકારી નથી હોતો તેને માટે ખરૂં કહીયે તો ધન સંગ્રહ તો મહાપાપ છે. અનેક લોકો એવા જોવામાં આવે છે કે જેઓ આ જીવન અનેક પ્રકારના છદ્મ પ્રપંચ કરીને અથવા ગરીબોને સતાવીને હજારો બલ્કે લાખો રૂપીઆ ભેગા કરે છે, અને તે રૂપિયા વડે તેઓ નથી પોતે કોઇ જાતનું સુખ ભોગવતા કે નથી કોઇ બીજાનું હિત કરતા. ઘણે ભાગે આવા લોકોના સંતાન અલ્પ સમયમાં બધું ધન વેડફી નાખે છે અને તેઓનું કુટુંબ પહેલાં જેવું દરિદ્ર બની જાય છે. ધન સંગ્રહ કરનાર મનુષ્ય એટલું નથી જાણતો કે પોતાનું સંગ્રહ કરેલું ધન કોણ ભોગવશે અને તેનું પરિણામ શું આવશે. પરંતુ હા, જે મનુષ્ય ધનનો સદુપયોગ કરવાની શકિત ધરાવે છે તેણે અવશ્ય તેનો સંચય કરવો જોઇએ. સ્વ. દાનવીર તાતા, જસ્ટીસ રાનડે, પં. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર આદિ અનેક દાનેશ્વરી પુરૂષોને આ વિષયમાં આપણા આદર્શ ગણવા જોઇએ. તાતાના દાનથી ભારતવર્ષની આર્થિક અને વ્યાપારિક ઉન્નતિ થવામાં જે મહાન સહાયતા મળી છે તે કોઇથી અજાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, જસ્ટીસ રાનડે પોતાની આવકનો મોટો ભાગ સાર્વજનિક કાર્યમાં જ વાપરતા હતા. તેમજ વિદ્યાસાગરના ધનવડે હમેશાં હજારો અનાથ બાળકો અને વિધવાઓનું ભરણપોષણ થતું હતું.

ધન કેવળ ભેગું કરીને જમીનમાં દાટી રાખવાની કે બેંકોમાં જમા કરી રાખવાની ચીજ નથી. એટલું તો સૌ સારી રીતે જાણે છે કે લક્ષ્મી અતિ ચંચળ અથવા ચપળ છે, તે કદિપણ એક સ્થળે સ્થાયી રહેતી નથી, તેથી તેના જવાના ત્રણ માર્ગ હિતોપદેશમાં કહ્યા છે–દાન, ભોગ અને નાશ. વળી તેમાં એમ પણ કહ્યું છે કે ધનનો વ્યય પહેલાં બે માર્ગથી નથી થતો તો છેવટે તે પોતેજ ત્રીજા માર્ગેથી રસ્તો લે છે. અર્થાત્ જે મનુષ્ય પોતાના ધનનો વ્યય દાનમાં નથી કરતો તથા પોતે તેનો ભોગ નથી કરતો તેનું ધન અવશ્ય નષ્ટ થઇ જાય છે. કાંતો તે ધન ચોરાઇ જાય છે, કાંતો તેમાં આગ લાગી જાય છે, અને કાંતો સંગ્રહ કરનારના સંતાન તેને ફુંક મારીને ઉડાવી દે છે. પ્રત્યેક મનુષ્યે હમેશાં નીચ અને ધૃણિત કાર્યોથી બચવા પ્રયત્નશીલ રહેવું જોઇએ અને કેવળ સંચયના વિચારથી જ રળવું એ અત્યંત નીચ, ઘૃણિત અને નિંદનીય કર્મ છે એમ સમજવું જોઇએ.

ચાલુ—

## જૈન–ધર્મ.

( ગતાંક અંક ૩ જાના ૬૬ મા પૃષ્ટથી શરૂ )

**ગુરૂસ્વરૂપ**—આચાર્ય ઉપાધ્યાય અને સાધુરૂપ ગુરૂતત્વ'ના ત્રણ મુખ્ય ભેદો છે. અરિહંત પરમાત્માના ઉપદેશને જનતાની રૂચિ અનુસાર ગુંથવાનું કાર્ય ગુરૂ વર્ગના શિરે રહેલું હોય છે. તેથીજ 'ગુરૂ દીવો, ગુરૂ દેવતા' જેવી ઉકિતઓ પ્રચલિત છે, ભાવનાના ઉપદેશને 'દ્વાદશાંગી' કે 'બાર અંગ' ના રૂપકમાં ગુંથનાર ગણધર મહારાજો પણ આ ગુરૂ વર્ગમાંના જ. જો કે ચૌદપૂર્વના જાણનારા અને ગણને ધરનારા એવા તેઓશ્રીનું જ્ઞાન શ્રુતના ઉપયોગપૂર્વક કેવળજ્ઞાનીના જેવુંજ હોય છે છતાં જ્યાં લગી કૈવલ્યની પ્રાપ્તિ થઇ નથી હોતી ત્યાં લગી એ સર્વનો સમાવેશ નવપદના ત્રીજાથી પાંચમા પદ સુધીમાં એટલે 'ગુરૂપદ'-માંજ થાય છે.

સૂરિ કે આચાર્ય છત્રીશ ગુણ યુકત હોય છે જેની ગણત્રી આ પ્રમાણે છે. પાંચ ઇંદ્રિયોના વિકાર રોકનાર, નવવિધ બ્રહ્મચર્યરૂપ ગુપ્તિના ધારક, ચાર કષાયથી મુકત બનેલા, પાંચ મહાવ્રતધારી, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર રૂપ પાંચ પ્રકારના આચારને પાલનારા, પાંચ સમિતિ અને ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુપ્તને ધરનારા. આ ગુણોમાંના ઘણા. ખરા ઉપાધ્યાય અને સાધુમાં પણ જરૂરના છે અને હોય છે છતાં એની પૂર્ણતા સુચક પદ સૂરિવરનું ગણાય. આવીજ રીતે પઠન પાઠનરૂપ ગુણોની ગણત્રીએ ઉપાધ્યાયજીમાં પચીશની અને સાધુમાં વર્તનના મુદ્દાપર દ્રષ્ટિ રાખી સત્તાવીસ ગુણની ગણના કરાયેલી છે.

સાધુ–મુનિ–શ્રમણ–નિગ્રંથ–અનગાર આદિ ગુરૂના પર્યાયવાચી શબ્દો છે. જો કે દરેકમાં અર્થથી તરતમતા રહેલી છે છતાં સામાન્ય ભાવ સરખો જ છે. આ સિવાય લાયકાત તેમજ જ્ઞાન–અભ્યાસ અને યોગવહન આદિ ક્રિયાના ધોરણે પન્યાસ–ઉપાધ્યાય–પ્રવર્તક, વાચક, પંડિત–ગણિ–અનુયોગાચાર્ય, આચાર્ય, સૂરિ, ભટ્ટારક, ગચ્છાધિપતિ અને યુગ પ્રધાન પૂર્વધર અને ગણધર રૂપ નામાભિધાનોછે.

જે આત્માઓને ત્યાગનું સ્વરૂપ સારી રીતે સમજમાં ઉતરી ગયું હોય અને જેમને મન સંસારમાં રહેવું એ કેદખાનામાં વસવા સમાન લાગતું હોય, તથા જેમનો ભાવ સંસારના ક્ષણિક સુખો પરથી છેલ્લી ડીગ્રી સુધી હેઠળ ઉતરી ગયો હોય, તેઓ મુખ્ય રીતે આત્મકલ્યાણ સાધવા અને ગાણ રીતે સ્વશક્તિ અનુસાર બીજાને સુમાર્ગના દર્શક થવા એ ઉત્કૃષ્ટ જીવન સ્વીકારે છે. સાધુ જીવન જીવવું સ્હેલ નથી. એ પંથપર સુવાસિત ગુલાબો કરતાં તીક્ષ્ણ કંટકો વધુ પથરાયલા છે તેથીજ કહેવામાં આવ્યું છે કે—'સંયમ પંથ અતિ આકરો, વ્રત છે ખાંડાની ધાર' આમ છતાં કબુલે જ છુટકો છે કે એ વિના આત્મદર્શન કિંવા સ્વસ્વરૂપ પ્રાપ્તિનો અન્ય રસ્તો નથી જ. પારમાર્થિક સેવા પણ એ દ્વારાજ સુંદર રીતે થઈ શકે છે. એ જીવન જીવનારા જ જનતામાં અગર તો સાહિત્ય ક્ષેત્રમાં સ્વસેવાનો સારો પાક તૈયાર કરી શકે છે. તેમના બોધ કે લખાણની કિંમત અમૂલ્ય અંકાવાની. કારણ એટલુંજ કે તેમની પાસે ત્યાગી સ્પૃહા વગરની આદર્શ જીવનની મુદ્રા છે. એમને માટે જેવું મનમાં તેવું વચનમાં અને કરણીમાં પણ તે પ્રકાર રૂપ ત્રિપુટીનો સહયોગ સહજ છે. ' ખાંડી વચન કરતાં શેરભર વર્ત્તન વધુ અસરકારક નીવડે છે ' એ વાતનો ઉકત પુરૂષોના કાર્યમાં ડગલે ને પગલે સાક્ષાત્કાર થાય છે. કહેણી એવીજ કરણી એ તેમનો મુદ્રાલેખ હોય છે. તેમના જેવા સંતો માટે ગવાયું છે કે—

मनसि वचसि काये पुण्य पियूषपूर्णा,
त्रिभुवन मुपकार श्रेणिभिः प्रीणयनीः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम्
निजहृदि विकसन्तः सन्ति संतः कियन्तः ॥

મન, વચન, અને કાયામાં એટલે વિચાર, વાણી અને વર્તનમાં પુન્યરૂપી અમૃતથી ભરેલા ને સકળ વિશ્વમાં ઉપકાર વર્ષાવતા સૌકોઇને પ્રિય થઇ પડતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારકાના અણુ જેટલા ગુણુને પર્વત સમો મોટો ગણી સ્વ-અંતરને સદા વિકસ્વર યાને પ્રમુદિત રાખતા સંત પુરૂષો વિચરે છે. એવા કેટલાક સંતો હોય છે ? સંતો કે ગુરૂઓની આ વ્યાખ્યાને એકાંત ન સંભવે. ઉત્સર્ગ સાથે જ અપવાદ જોડાયલો છે. Hedges have thorns વા વાડને કાંટા હોય એ નિયમાનુસારે આ નિયમ સર્વત્ર લાગુ ન પણ પડે. એ ઝભા તળે જ કેટલાક વિપરીત જીવન જીવતા હોય, એમાં અશકયતા જેવું નથી. વળી એનું માપ કાઢતાં માત્ર વર્તમાન કાળનેજ જોવાનો નથી. અત્રે જે ઉલ્લેખ થઇ રહ્યો છે તેમાં ખાસ કરીને 'ગુરૂતત્વ' માં જૈનધર્મની દ્રષ્ટિએ કેવી કોટિના પુરૂષોને સ્થાન છે તેનો કંઇક ખ્યાલ આવે એ અર્થે આટલો વિસ્તાર કરવો પડયો છે. ટુંકામાં કહીયે તો 'જ્ઞાન પૂર્વકનો વૈરાગ્ય' એ પદના મૂલ્યવાન અલંકારરૂપ છે. ગુરૂપદમાં ઇંદ્રિયપર કાબુને કષાયના રોધ ઉપરાંત પાંચ મોટી પ્રતિજ્ઞાઓ જેવી કે અહિંસક રહેવું, સત્ય વદવું, દીધા વગર પારકી ચીજ લેવી નહીં, આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવું અને સંયમી જીવનમાં ઉપયોગી થઇ પડતાં ઉપકરણો વર્જીને કોઇપણ જાતનો પરિગ્રહ ન રાખવારૂપ છે. આ પાંચનું પાલન કડક રીતે ત્યાગી જીવન વાહકને કરવું પડે છે. ઉપરાંત રાત્રિભોજનની પ્રતિબંધી તેમને ખાસ હોય છે.

જે મહા પ્રતિજ્ઞા વિષે અગાઉ કહેવામાં આવ્યું તેમાં કામિની અને ધનનો પરિહાર આવીજ જાય છે એટલે સાધુ જનથી 'કંચન અને કામિની' રૂપ સંસારની મધલાળ ઘણી દૂરજ રહે છે. તેમને કેવળ દેહ ટકાવવા અર્થે જેમ ભ્રમર પુષ્પને કિલામણા કિંવા ઇજા પહોંચાડયા સિવાય રસ ચુસી એક પુષ્પથી બીજા પર ને ત્યાંથી ત્રીજા પર જાય છે તેમ દરેક ઘરમાં ફરી થોડો થોડો આહાર લઇ સ્વજીવન જીવે છે. નથી તો કોઇને આશીર્વાદ આપતા કે નથી તો કોઇને શાપ દેતા. કેવળ 'મોક્ષ' ની જ સ્પૃહા રાખનારા તેઓ હોય છે. એ માર્ગે ગતિ કરવા દશ પ્રકારના યતિધર્મનું તેઓ કડક રીતે પાલન કરે છે તે આ પ્રમાણે (૧) ક્ષમા (ગમે તેવા ક્રોધી સામે પણ ખામોશ રાખનાર) (૨) માર્દવતા–સરળતા (૩) આર્જવતા–નમ્રતા (૪) મુકિત ધર્મ–નિર્લેપતા, (૫) તપ (૬) સંયમ (૭) સત્ય (૮) શૌચ (૯) અકિંચનતા અને (૧૦) બ્રહ્મચર્ય આ ઉપરાંત ક્ષુધા, તૃષા વિગેરે બાવીશ પ્રકારના પરિષહો વા કષ્ટો જરાપણ મનમાં દુભાયા સિવાય સહન કરવાના અને અનિત્યાદિ બાર ભાવનામાં મનને પરોવવાનું તેમના દૈનિક કર્ત્તવ્યરૂપ લેખી શકાય. નવતત્ત્વમાંનુ આખું સંવર તેમજ નિર્જરા તત્વ. આ ગુરૂપદની દિવ્ય પરાગને અંગે આલેખાયું છે તે સંબંધમાં આગળ વાત આવનાર હોવાથી અત્રે વધુ લંબાણ ઇષ્ટ નથી.

શ્રીરૂષભદેવ તેમજ શ્રી મહાવીરસ્વામી અથવા તો પહેલા અને છેલ્લા જીનના સાધુઓ માટે પ્રમાણોપેત શ્વેત વસ્ત્રો પરિધાન કરવાનો ધર્મ છે, જ્યારે મધ્યકાલીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાવીશ પ્રભુના માટે એ નિયમનું ફરજીઆતપણું નથી. તેઓ કિંમતી તેમજ રંગીન વસ્ત્રો પણ લઇ શકે છે. પ્રથમ ચરમનો કાનુન પાંચ ભરત તેમજ પાંચ ઐરવૃતને બંધન કર્ત્તા છે, જ્યારે બાવીશ જીનના મુનિ જેવું વર્તન. પાંચ મહાવિદેહમાં વિચરતાં સાધુ સમુદાય માટે છે. અઢીદ્વીપ બહાર સાધુ જીવન શકય નથી. વિદ્યાધર શ્રેણીમાંના કેટલાક વિદ્યા ચારણ કે જંઘાચારણ મુનિઓ સ્વશકિતના પ્રભાવે નંદીશ્વર દ્વીપ સુધી તીર્થયાત્રા નિમિત્તે જઇ શકે છે, છતાં તે સર્વની ચર્યા કે ગમનાગમન આદિનું કાર્ય તિર્યગ લોક પુરતું જ છે.

સાધુ જીવનના આશયો ઉપરજ સાધ્વી જીવન ઘડાયેલું છે. પંચ મહાવ્રતરૂપ પ્રતિજ્ઞાઓનું પાલન આદિ સર્વ નિયમની સમાનતા ત્યાં પણ છે; વિશેષતા એટલીજ કે સાધ્વીજીવનમાં મોટું પદ માત્ર પ્રવર્તિનીનું છે અને ચિરકાળ દીક્ષિત સાધ્વી પણ નવી દીક્ષા લીધેલ સાધુને વંદન કરે. આનું કારણ ધર્મમાં પુરૂષ પ્રધાનતા છે. વળી સાધુ–સાધ્વીના વાસ માટે જૂદા જૂદા ઉપાશ્રયો છે. ઉભયમાં ધર્મ શ્રવણ નિમિત્ત કે કંઇ શંકાના નિરાશન કાર્ય સિવાય જરા પણ મળવા કે સાથે રહેવાપણુ નથી. બ્રહ્મચર્યને જરા પણ ડાઘ લાગે તેવું વર્તન કે આચરણ જીનધર્મમાં લેશમાત્ર સંભવે તેમ નથી. અન્ય બાબતોમાં એનો એકાંતવાદ પણ શિયળ પાલનના કાર્યમાં એકાંત સૂચક છે. શીળને દૂષિત કરનાર જરા માત્ર સ્ખલનાને ત્યાં સ્થાન નથી.

અન્ય દર્શન કે પંથના સાધુઓથી જીનધર્મના સાધુ સાધ્વીનું જીવન ઘણી ખરી બાબતમાં ચઢીયાતું હોઇ પાલનમાં અતિ કડક છે તેથીજ તેની પવિત્રતા અને પુણ્યશ્લોકતા અદ્વિતીય છે.

ઉકત સાધુ–સાધ્વીઓને તપ રૂપ જળથીજ સ્નાન કરવાનું હોવાથી દ્રવ્ય જલનું સ્નાન તેમને માટે નિષેધ છે, તેવીજ રીતે કેશલોચ અને શરીરશૌચ આદિના નિયમોમાં કેટલીક વિલક્ષણતા છે એનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાની પુરૂષોએ જ્ઞાનની ઉંડી દ્રષ્ટિ ફેંકી–અવલોકન કરી ઘડયો હોવાથી બાહ્ય નજરે જોનારને કેટલીક વાર અજાયબી પહોંચે તેમ છે છતાં તે દરેક નિયમ સહેતુ છે. એ માટે ટુંકામાં એટલું કહી શકાય કે સંયમી જીવન જરાપણ સ્વછંદની ગર્તામાં ગબડી ન પડે તે માટેજ એ બંધનોની કડકતા છે. એથી સ્વચ્છતા કે શુદ્ધતાની દુર્લક્ષ્યતા છે એમ સમજવાનું નથી. શ્રી વીરના શાસનમાં થયેલા ધુરંધર સૂરિ પુંગવોએ દેશ–કાળને ધ્યાનમાં લઇ કિંવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવ એ ચતુષ્કને અનુસરી કેટલાક સુધારા વધારા કરેલા છે એ સંબંધમાં અત્રે ઉલ્લેખ અસ્થાને હોવાથી પ્રસ્તુત વિષયનું અત્ર પૂર્ણ વિરામ થાય છે.

લેખક,
**મોહનલાલ દી. ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આદર્શ પત્ની.

(ધમ્મિલકુમાર ચરિત્રના વાંચનથી ઉદ્દભવેલા વિચારો.)

કુશાગ્રપુરમાં સુરેંદ્રદત્ત શેઠને ધમ્મિલકુમાર નામે પુત્ર હતો, અને તેજ નગરમાં ધનવસુ શેઠને યશોમતી નામે પુત્રી હતી. ધમ્મિલકુમાર અને યશોમતીનો વિવાહ થયો. બંને જણા સંસાર સુખમાં પડયા પછી ધમ્મિલકુમાર કાળાંતરે ધર્મ વાસિત થયો. સંસારની મોજમઝામાંથી વિરકત થતો ગયો. પોતાના પુત્રને વૈરાગ્યવાસિત થયેલો જાણી, માતાપિતાએ તેને સંસાર તરફ પુન: વાળવાને જુગટીઆઓની સોબતમાં મૂકયો. ત્યારથી ધમ્મિલકુમાર વેશ્યાને ઘેર જવા લાગ્યો. પોતાના પુત્રને પાછો ઘેર લાવવાના માતાપિતાના પ્રયત્નો નિષ્ફળ થયા. આખરે માતાપિતા સ્વર્ગવાસી થયા. સ્ત્રી યશોમતી પતિના સુખની ખાતર વેશ્યાને ઘેર દ્રવ્ય મોકલવા લાગી, છેવટે પોતાના આભૂષણો પણ મોકલ્યાં, પરંતુ પોતાના સ્વામી ઘેર પાછા ન આવ્યા. દ્રવ્યનો તુટો પડવાથી, તેણીએ ઘરબાર વેચીને પણ પતિને સંતોષ આપ્યો. પોતાની જાતને કંગાળ બનાવી, એક વખતની ધનાઢય શેઠના દીકરાની વહુ કહેવરાવનારી, પતિની ખાતર પોતાનું સર્વસ્વ હોમી દઇ, પિયરના આશ્રયે રહી.

"ધ્યાન સ્વામીતણું ધરવું, ચરણે નૂપુર સંયમ કેરૂં ધરવું; કાર્ય પરઉપકારનું કરવું." એ સૂત્રને પગલે બરાબર ચાલી, શિયલના મહાત્મ્યમાં અડગ ટેક રાખી, દુઃખી સ્થિતિમાં પણ પતિના સુખની ખાતર પોતાના દિવસો વ્યતીત કરવા લાગી.

ધમ્મિલકુમાર દ્રવ્ય રહિત થએલી વેશ્યાને ઘેરથી ત્યજાયેલો, જંગલમાં ભટકવા લાગ્યો. એક મુનિ મહારાજના મેળાપથી આયંબીલનું છ માસનું ઉગ્ર તપ કરી પોતાના પૂર્વ કર્મોનો (અંતરાયનો) નાશ કરી અખંડ સુખપાન કરવા લાગ્યો, એક પછી એક બત્રીસ કન્યાઓ પરણ્યો.

યશોમતી પિયરમાં ભાઈ ભોજાઇના મેણાં સાંભળી, પોતાના ભાવી દુ:ખનો વિચાર કરતી, ઘણા વરસોથી પતિથી તરછોડાએલી, દુ:ખમાં ડુબેલી, મનમાં વિચાર કરે છે કે **"જે સ્ત્રીને પતિએ તજી તેને દુનિયાએ તજી છે"** પરંતુ પોતે **કેળવાયેલી છે એટલે જાણે છે કે:—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदनं चारुगंधम्**
**तप्तं तप्तं पुनरपि पुनः कांचनं कांतवर्णम्**
**छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुदंडम्**
**न प्राणांते प्रकृतिविकृति र्जायते ह्युत्तमानाम्**

જેમ જેમ ચંદનને ઘસવામાં આવે છે તેમ તેમ તે સુવાસ ફેલાવે છે. સોનાને જેમ તપાવવામાં આવે છે તેમ તે પીળું થાય છે. શેરડીને જેમ જેમ કાપવામાં આવે છે તેમ તેમ સ્વાદિષ્ટ થઇ મીઠો રસ આપે છે, તેવીરીતે ઉત્તમ પુરૂષોના સ્વભાવનો મરણાંત સુધી ફેરફાર થતો નથી. દુઃખના સમયમાં પણ અડગ રહે છે.

પ્રાણીઓએ કરેલા કર્મો અવશ્ય ભોગવવા પડે છે. હીરાને એરણ ઉપર ટીપ્યા પછીજ રાજાના મુગટમાં સ્થાન પામે છે. મનુષ્યની દુઃખના સમયમાં જ ખરી કસોટી થાય છે. ”

ધમ્મિલકુમારને યશોમતિનો મેળાપ થાય છે, શિયલના પ્રભાવથી પુનઃ સંસાર સુખ ભોગવે છે, અને જ્ઞાની ગુરૂના ઉપદેશથી પ્રાંતે વૈરાગ્યના રંગથી રંગાય છે. **“ જે કર્મ શૂરા હોય છે, તેજ ધર્મ શૂરા થાય છે. ”** “ હાક પડે રજપુત છુપે નહિ, સૂર્ય છુપે નહિ વાદળ છાયા ” તે પ્રમાણે સંસારના ભોગોને લાતમારી, બત્રીસ બત્રીસ સ્ત્રીઓને છોડી દઇ, દિક્ષા લઇ, આત્માનું કલ્યાણ કરી ગયા છે.

સ્ત્રીઓને કેળવણી આપવી તે ચાલુ જમાનાની નવી પ્રથા છે એમ કેટલાકનું માનવું હશે; પરંતુ તે જુગજુગની પ્રણાલિકા છે. જે ગુમાવ્યું છે તે પાછું મેળવવાનું છે, નિત્ય પ્રભાતે સોળ સતીઓના નામોનું સ્મરણ કરાય છે. ચંદનબાળા જેવી ઘણી સતીઓ પોતાના ચારિત્રના પ્રભાવથી ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાએલી છે. સીતા, દ્રૌપદી, ત્રિશલા, યશોદા, રાજેમતી, મંદોદરી જેવી સતીઓ સ્વપરનું હિત સાધી ગઇ છે.

દમયંતી, નર્મદા, જક્ષા, સત્યભામાદિ પતિવૃતા સ્ત્રીઓએ પોતાના પવિત્ર નામોથી જગતને વિભૂષિત કરેલ છે.

આ બધો જ્ઞાનનો પ્રભાવ છે, કેળવણીનો પ્રતાપ છે. જ્ઞાન વગર ચારિત્ર નથી અને ચારિત્ર વગર મોક્ષ નથી, કુવામાં હશે તો હવાડામાં આવશે. જો સ્ત્રીઓને જ્ઞાનની પ્રસાદી મળી હશે તોજ તેના સંતાનોને લાભ થશે, અને ભાવી પ્રજાનો ઉદય થશે.

**સ્ત્રી શિક્ષાનો નહિ થશે, જ્યાં સુધી અહીં પ્રચાર;**
**કરો હજારો યત્ન પણ, કદી ન થાય સુધાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી વિભાગ.

## સ્ત્રીઓનું શિક્ષણ—વાંચન કેવું હોવું જોઈએ?

( લે૦—આત્મવલ્લભ. )

આ દેશમાં અને વળી તેમાં આપણા સમાજમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે અશિક્ષિત છે. વસ્તીપત્રકમાં ભણેલ એ ખાનામાં જેનો સમાવેશ થાય તે પણ માત્ર બેચાર પાંચ ચોપડીઓનો અભ્યાસ કરી ઉઠી ગયેલ હોવાથી, પાછળથી લખવા વાંચવાની પ્રવૃત્તિ તદન બંધ થઇ ગયેલ હોવાથી તેવા સ્ત્રી વર્ગને પણ અશિક્ષિત જ ગણી શકાય. કદાચ વધારે સ્કુલ અભ્યાસ કરેલી સ્ત્રીઓને પણ પોતાના જીવન વ્યવહારમાં ગુંથાતા જરાપણ અવકાશ ન મળવાને લીધે સાવ છોડી દેવું પડયું હોય. ત્યારે પ્રથમ બાલ્યાવસ્થામાં કેવું શિક્ષણ હોવું જોઇએ, લગ્ન થયા બાદ ઘરે-બારે ગયા બાદ ફુરસદના વખતમાં સ્ત્રીઓનું કેવું વાંચન હોવું જોઇએ એ વિચાર સમાજને ઘણો જ ઉપયોગી છે.

વાંચન એ એક અનુભવ જ્ઞાન છે. પ્રત્યેક વાંચન દરેકની કંઈને કંઇ લાગણી ને હલાવે છે. કોઇ વાંચન વાચકને ઉત્સાહ આપે છે, તો કોઇ વાંચન નિરૂત્સાહી બ-

---

માટે યાદ રાખવાનું છે કે, એક કેળવાયેલી માતા સો શિક્ષકોની ગરજ સારે છે. વિદ્વાનો પંડિતો અને યોદ્ધાઓને પારણામાં ઝુલાવનારી સ્ત્રી જાતિ જ છે. એક મહાન પુરૂષનું વચન છે કે:—

કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન.

માટે દરેક બ્હેનોએ સ્વપતિ ઉપર દ્રઢ અનુરાગ રાગી, પતિસુખની હાર્દિક ભાવના રાખવી જોઇએ. દુઃખના સમયમાં પણ સમતા રાખી અખંડ શિયલવૃત પાલવું જોઇએ. તથા પોતાની બાળાઓ જે ભવિષ્યની માતાઓ છે તેને સદ્જ્ઞાન આપવા કોશિશ કરવી જોઇએ.

**જગજીવનદાસ વીરચંદ ઝવેરી.**
જૈન ગુરૂકુળ—**પાલીતાણા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાવે છે, કોઈ વાંચન મનુષ્યને તરંગી બનાવે છે. વળી એકજ જાતનું વાંચન અધિકાર ભેદે–વ્યકિત ભેદે ઓછું વધારે ઉપયોગી, નકામું કે અવળે માર્ગે દોરનારૂં પણ બને છે. આપણા માનસ ઉપર હરકોઇ વાંચનના સંસ્કાર પડયા વગર રહેતા નથી, માટે સ્ત્રીઓનું એવું હોવું જોઇએ કે તેની જાતને નુકશાન પહોંચાડી શકે નહિં વળી સ્ત્રીઓની અવસ્થાને લક્ષમાં રાખીને તેના વાંચનનો વિચાર અને નિર્ણય કરવો જોઇએ. પ્રથમ શાળામાં ભણુતી કન્યાઓને શાળામાં શિક્ષણુ અપાય છે, છતાં વાંચનની બાબતમાં શાળા અને ઘર બંનેને વિચારવાનું છે. ઘણે સ્થળે શાળાઓમાં–ઘરમાં કન્યાઓને માત્ર ધર્મનું વાંચન મનન વધારે અથવા ખાસ એકલું કરાવવામાં આવે છે અને વ્યવહારિક જીવન કેમ જીવવું જોઇએ તેને લગતા વાંચનથી દૂર રાખવામાં આવે છે, તે ભૂલ છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મ સાથે વ્યવહાર બંનેનું પાલન કરવાનું છે, જેથી કન્યા અવસ્થાથી જ–માં જ ભવિષ્યની તે માટે તૈયારી કરવા કન્યાઓ માટે બંને પ્રકારનું જેટલું સમય, કોમ અને પોતપોતાના વ્યયહારને અનુચિત હોય તેવું અને તેટલું શિક્ષણુ અને વાંચન આપવું જોઇએ.

પરણેલી સ્ત્રીઓનું વાંચન પણ જુદી જાતનું છે. આજની નવવધૂ–પરિણીત સ્ત્રીઓ જીવનના વ્યવહારના અનેક પ્રદેશમાં અજ્ઞાત દેખાય છે અને તેથી પોતાના ગૃહમાં પોતાનું ગૃહિણી તરીકેનું કર્તવ્ય બરાબર બજાવી શકતી નથી. ગૃહની અનેક ફરજો બજાવવા, જવાબદારી સંભાળવા, ગૃહને સ્વર્ગ સમાન કરવા, પવિત્ર પ્રેમ મંદિર રચવા, બાળવૃક્ષોને ઉછેરવા વગેરે માટે શરૂઆતમાં કેવા શિક્ષણુ અને લગ્ન થયાં પછી કેવાં વાંચનની જરૂર છે તે આટલા ઉપરથી જણાશે.

વાંચન સંબંધી આટલી ટુંક હકીકત જણાવ્યા બાદ હવે શિક્ષણુ સંબંધી કાંઇ જણાવીયે છીએ.

પુરૂષોના શિક્ષણ કરતાં સ્ત્રીઓનું શિક્ષણુ ભિન્ન છે. અને આ દેશમાં તેમ નથી. સ્ત્રીઓને આરંભમાં અત્યંત સરલ ભાષામાં લખેલ પુસ્તક ચલાવવા જોઇએ. પ્રથમ લખવા વાંચવાનું થોડુ જ્ઞાન આપ્યા પછી. સ્ત્રી ઉપયોગી કાર્યોનું શિક્ષણુ શરૂ કરવું જોઇએ, કારણુ કે જેમ પુરૂષને ઘરની બાહેર રહી ધનોપાર્જન કરી પોતાના આશ્રિત પરિવારની રક્ષા અને ભરણુ પોષણુ કરવાનું છે, તેમ સ્ત્રીને ઘરની અંદર રહી કુટુંબને સુખ આપી શાંતિ અને સુરક્ષિત બનાવવાનું છે. વળી પુરૂષ જેમ ધન કમાય છે પરંતુ એકલું કમાવાથી ગૃહસુખ શાંતિપૂર્વક ચાલતું નથી. કારણુ કે ઘરની સ્ત્રી તેમ તે પ્રાપ્ત થયેલ ધનનો સદ્ગ્યય ન કરે, યથોચિત રીતે વ્યવસ્થા પૂર્વક ન રાખતાં અને પોતાનો સ્વભાવ હાથમાં ન રહેતાં ઉચ્છૃંખળ બને તો ગૃહસંસાર નષ્ટ થઇ જાય.

તેજ ઘરની વૃદ્ધિ આબાદિ દિનદિન વૃદ્ધિ પામે છે કે જે ઘરમાં સ્ત્રીઓના સુખ મંડળ ઉપર પ્રસન્નતા, દયા, ઉદારતા વાત્સલ્યતા, વિનીતપણું, સદાચારતા વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષણો દેખાતા હોય. જેના ઉપર ગૃહનો કારભાર, જુમ્મેદારી, સૌંદર્યતા છે તેવી ગૃહણીઓનું શિક્ષણ સહજ નથી; તેટલા માટે સ્ત્રીઓનું શિક્ષણ તે વિષયોમાં પૂર્ણ હોવું જોઇએ કે જેનું ગૃહમાં રાતદિવસ કામ પડે છે. અમારા અનુભવ પ્રમાણે હાલના સમયમાં સ્ત્રીઓને નીચેના વિષયો માટે શિક્ષણ આપવું જોઇએ. ૧ સ્વાસ્થ્ય રક્ષા, ૨ શરીર પાલન, ૩ ગૃહણી, તરીકેનું કર્તવ્ય, ૪ પાકશાસ્ત્ર, ૫ શિલ્પ શિક્ષા, ૬ શિશુપાલન, ૭ ધાત્રીશિક્ષા, ૮ અતિથિ સેવા, ૯ રોગીઓની શુશ્રુષા ૧૦ ધર્મસંબંધી સ્ત્રી ઉપયોગી ક્રિયાકાંડ, અને અમુક તત્ત્વજ્ઞાનનો વિષય, જેથી શ્રાવિકા ધર્મનું પાલન કરી આત્મકલ્યાણ પણ સાધી શકે, ૧૧ જાતીય આચાર વિચારનું જ્ઞાન ૧૨ વ્યવહારની રીતભાતોની સમજ અને પાલન લખવા, વાંચવાના શિક્ષણ સાથે ઉપરોકત વિષયો સંબંધી શિક્ષણ ક્રમે ક્રમે ગ્રહણ કરી શકે તેવી રીતે આપવાથી તેવું શિક્ષણ પામેલ સ્ત્રીઓ ખરેખરી શ્રાવિકા રત્ન, જૈનકુલ ભૂષણ ગૃહિણી થઇ શકશે.

( ચાલુ )

## વર્ત્તમાન સમાચાર.

### શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ.

### ચોરાશીના અંતે, અને પંચાસીમાં ?

**એક મકાનને નામ અપાયું. બીજું બાકી છે.**

પડતો કાળ છે એમ કહેવાય છે. અને વ્યાપાર ધંધાની મંદીથી તેમ સમજાય છે તથા ચોરાશીની સાલ ચોરાશીનો ફેરો કઠણ છે. સંભાળવા યોગ્ય છે એમ કહેવાતું અને ઘણાઓને અનુભવ પણ થયો હશે.

આમ છતાં ધર્મી હૃદયવાળાઓ શ્રદ્ધાપૂર્વક ધર્મ જીવન જીવી જાણે છે અને પોતાની કમાઇનો બીજા વ્યવહારીક કાર્યો કરતાં પણ અધીક પ્રેમવડે ધાર્મિક અને સામાજીક ઉન્નતિ કરનારા કામોમાં વધુ ઉપયોગ કરે છે અને નબળો સમય પણ સારારૂપે પરિણમે છે.

નબળા સમયમાંથી પસાર થનારે પુન્ય ઉપર શ્રદ્ધા રાખી વિશેષ પુન્ય મેળવવા માટે પુન્યશાલી અને સાચા ધર્મજિનોનું અનુકરણ કરી પંચાસી (૮૫) ની સાલમાં વિશેષ ધર્મકરણી કરવી અને મુડી તથા આવકના પ્રમાણમાં વ્યવહારીક ખર્ચોમાં વિવેકપૂર્વક બચાવ કરીને ધર્મ અને કોમની ઉન્નતિના કામોમાં વપરાય તેટલું વાપરવું. પ્રેમથી માગ્યા પહેલાં કાર્યની યોગ્યતા પ્રમાણે જરૂર આપો ખરી કમાઇ આ રીતે કરો.

ચોરાશીના અંતે આસોવદી ૯ મંગળમવારે આ સંસ્થાની મેનેજીંગ કમીટીની મીટીંગ મળી હતી તેમાં શેઠ કેસરીચંદ ભાણાભાઇની પેઢી તરફથી આ સંસ્થાના નવા નાના મકાનને ( પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાષિક મદદના બદલે રૂ. ૫૦૦૦ ની રકમ આપવા કહેલ તેમાં રૂ. ૨૫૦૧) નો વધારો કરી રૂ. ૭૫૦૧) આપવા અને તે મકાનને "શેઠ કેસરીચંદ ભાણાભાઈ વિદ્યાર્થી ભુવન" એ નામ આપવાને લેખીત પત્ર રજુ થયો હતો અને તેમાં જણુવ્યા મુજબ સરતે મંજુર થયોછે.

મને આ સંસ્થાના પ્રમુખ તરીકે વધુ આનંદ થાય છે કે અત્યાર સુધી તેવી મોટી રકમ આપનાર ગ્રહસ્થમાં શેઠ સારાભાઇ મગનભાઇ મોદી અને શેઠ નરોતમદાસ જેઠાભાઇ પણ છે. ઘણુા ભાઇઓ તરફથી નાના અને મોટા મકાન માટે પુરતી રકમ મળવા આશા હતી અને પ્રયાસ થતો હતો પણ તેવું બન્યું નહી એટલે રૂ. ૧૧૦૦૦) અને રૂ. ૨૫૦૦૦ ની હદ ઘટાડવી પડી.

મજકુર પેઢીના માલીક પૈકી શેઠ ફકીરચંદ કેસરીચંદ જેઓ આ સંસ્થાના સેક્રેટરી પૈકી એક છે, તેઓનું ધ્યાન ખેચવું પડયું અને કમીટીએ આગ્રહ પણ કર્યો જે તેઓના કુટુંબે તેનો સત્કાર કર્યો. આ કુટુંબ તરફથી તીથી નીમીતે રૂ. ૨૦૦૦) અને મકાન ખાતે રૂ. ૧૦૦૦) તથા વાર્ષિક મદદરૂપે રૂ. ૭૦૦૦) એ રીતે અત્યાર સુધીમાં રૂા. ૧૩૫૦૦ થી વધુ રકમની મદદ મળી છે. સેક્રેટરી તરીકે મોટી જેહેમત ઉઠાવવા ઉપરાન્ત આ રીતે મદદ કરી છે તેથી મને વધુ આનંદ થાય છે. બીજા સેક્રેટરી ભાઇ લલ્લુભાઇ કરમચંદ તરફથી મકાન ખાતે રૂ. ૧૦૦૧) મળ્યા હતા. અને રૂ. ૧૫૦૦) બીજા આપવા કહેલ તે ઉપરાન્ત મજકુર મીટીંગમાં બીજા રૂ ૧૫૦૦) તેમના ભાગીદારોના નામે ત્રણ તિથી માટે આપવા જાહેર કર્યું. આ ઉપરાન્ત વાર્ષિક મદદરૂપે રૂ. ૨૦૦૦) અને મકાન ખાતે બીજા રૂ. ૨૦૦૦) તેમના ભાગીદારો તરફથી રૂ. ૮૦૦૦) થી વધુ આજસુધી આવ્યા છે. હું આશા રાખું છું કે મેં જે ઉમેદથી આ સંસ્થાની સેવા ઉપાડી છે તે પાર પાડવા માટે મારાથી પણ યોગ્ય ફાળો જલદી અપાય.

બીજાઓના અનુકરણ માટે અને મોટા મકાન માટે રૂ. ૨૦ હજારથી વધુ રકમ આપનારનું નામ જોડવાનું બાકી હોવાથી પંચાસીની સાલમાં નવા વર્ષમાં તે માટે કોઇ સખી ગ્રહસ્થ તાકીદે બહાર આવે અને સ્વામીવાત્સલ્યની તીથીઓ હજુ પાંચેક માસની નોધાવાની બાકી છે તે તાકીદે નોધાઇ જાય તે માટે આ હકીકતને આ રીતે પ્રગટ કરૂં છું.

લી૦
જીવણચંદ ધરમચંદ
પ્રમુખ.
શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ—

---

## નરકેસરી લાલા લજપતરાયનો સ્વર્ગવાસ.

જૈન કુળમાં જન્મેલા અને આર્ય સમાજીસ્ટ થયેલા પંજાબ નરકેસરી વીરરત્ન લાલા-લજપતરાયના સ્વર્ગવાસે આખા હિંદની પ્રજાને શોકમાં ડુબાવી છે. તેઓની સરલતા, નિડરતા કર્તવ્ય પરાયણુતા અને દેશ પ્રેમતો અપૂર્વ જ હતા. વીરપુરૂષો જીવી પણ જાણે છે અને મરી પણ જાણે છે; તે લાલાજીએ બંને રીતે ભારતની પ્રજાને બતાવી આપ્યું છે. તેમણે દેશ ખાતર પૈસાનો, આત્માનો સંપૂર્ણ ભોગ આપ્યો, દેશવટો લીધો, અને સર્વસ્વ ગુમાવવાની દરકાર પણ ન કરી, તેથીજ પંજાબના કેસરી નરરત્ન કહેવાણા–કેળવણીના ક્ષેત્રની આખી જીંદગી સેવા કરી તેટલું જ નહિં પરંતુ મરતી વખતે થોડા વખત પહેલાં બે લાખ રૂપિયા જેવી ઉદાર મદદ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષેત્રમાં આપી. અને સંસાર સુધારાના કાર્યને પણ દેશ સેવા સાથે જ છેવટ સુધી પણ કર્તવ્ય માન્યું. તેમનું આખું જીવન, વાંચવા; વિચારવા અને મનન કરવા જેવું અને બને તેટલું જરૂર અનુકરણીય છે. કહેવામાં આવે છે કે તેમની સ્મશાન યાત્રામાં લાહોરમા એક લાખ માણસે હાજરી આપી આંસુ સાર્યા હતા; જે બનાવ સેવાભાવી તે મહાન પુરૂષ અસાધારણ હતા તેજ બતાવે છે. જૈન કોમમાં વર્તમાન કાળમાં લાલાજી જેવા નરરત્નો પાકે તેમ પરમાત્માની પ્રાર્થના કરવા સાથે તે નરપુંગવ વીરપુરૂષના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

## સ્વીકાર અને સમાલોચના.

**જૈનાગમ તત્વ દીપિકા**—પ્રકાશક શ્રી શ્વેતાંબર સાધુ માર્ગી જૈન હિતકારણી સંસ્થા બીકાનેર ( રાજપુતાના ) શ્રી સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રકરણોનું જ્ઞાન થોકડા દ્વારા અપાય છે, જેથી તે ઉપરથી પ્રશ્નોતર રૂપે જૈન ધર્મના તત્ત્વો છુટી છુટી રીતે આ ગ્રંથમાં સંગ્રહ રૂપે પ્રગટ કરેલ છે પ્રથમ અભ્યાસી માટે ઠીક છે. શેઠ અગરચંદ ભૈરોંદાન શેઠીયા લાઇબ્રેરીના થાલ નામાથી લખવાથી પુસ્તક મળી શકશે શ્રીયુત જેઠમલજી શેઠીયા આ સંસ્થા મંત્રી હોઇ આવા જૈન સાહિત્યના ગ્રંથો પ્રકટ કરવા સારો પ્રયત્ન કરે છે.

### प्राकृत व्याकरणम् .

( **સિદ્ધહેમચંદ્રસ્યાષ્ટમો અધ્યાયઃ** ) પ્રકટ કર્તા શ્રી આર્હતમત પ્રભાકરના સ્થાપક શેઠ મોતીલાલજી લાધાજી પુના (છઠું મયુખ) મુલ્ય બે રૂપીયા. શેઠ શ્રી મોતીલાલજીના સુપ્રયત્નથી જૈન સાહિત્યના ઉત્તમોત્તમ ન્યાય, વ્યાકરણ, તત્ત્વજ્ઞાનના ગ્રંથો આ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે. તે જૈન સાસિત્ય અભિવૃદ્ધિ સુચવે છે. સાક્ષરો અને વિદ્વાનો પાસે સંશોધન કરાવી સારા કાગળો, શાસ્ત્રી સુંદર ટાઇપમાં પ્રકટ થતા હોવાથી તેનું આંતર સ્વરૂપ સાથે બાહ્ય સુંદરતા કરવામાં આવે છે. અભ્યાસીઓ, અને ભંડારો માટે પ્રકટ થતા આ ગ્રંથો ખાસ ઉપયોગી અને સંગ્રહવા યોગ્ય છે. આ વ્યાકરણનો ગ્રંથ સ્વોપજ્ઞવૃતિ સહિત છે. ગ્રંથની પાછળ ગ્રંથમાં આવેલ શબ્દોનું અક્ષરનુક્રમ નંબર અને સૂત્રની અનુક્રમણિકા આપેલ છે, છેવટે નોટ આપી અભ્યાસી માટે વિશેષ સરલતા કરી આપી છે. શેઠ શ્રી મોતીલાલજી પોતાના સાહિત્ય વિષયક આ પ્રયત્નમાં વિશેષ આગળ વધે તેમ ઇચ્છીયે છીયે.

**નેમરાજુલ**—લેખક તથા પ્રકાશક ધીરજલાલ ટોકરશી શ્રી ચમનલાલ નગીનદાસ વિદ્યાલય ખાનપુર—અમદાવાદ. આ ગ્રંથાવલી યોજનાની પ્રથમશ્રેણીના પુસ્તકો પૈકી આ બીજું છે. નાના બાળકોને સરલતાથી ધાર્મિક જ્ઞાન થવા માટે આવી લઘુ બુકો બાળ ગ્રંથાવલી તરીકે પ્રકટ કરી તેના લેખકે એક સારો પ્રયત્ન કર્યો છે. હિંદિ ભાષામાં આવી ધાર્મિક ટ્રેકટ ( બુકો ) શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી અંબાલા તરફથી પ્રગટ થાય છે પરંતુ ગુજરાતી ભાષામાં તેવી જરૂરીયાત સદરહુ લેખકે પુરી પાડી તે જૈન સમાજ માટે આવકારદાયક છે. વળી આ શ્રેણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇનામી પરિક્ષા માટેની યોજના પણ ઉત્તેજનને પાત્ર છે. ગ્રાહક થઇ લાભ લેવા જેવું છે. કિંમત એક આનો ત્રણ પાઇ.

**દંડક તથા જંબુદ્વીપ સંગ્રહણી પ્રકરણ**--(સાર્થ) પ્રકાશકશ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા મુલ્ય ૦-૧૨-૦ બાર આના. જૈન બાળકો પ્રાથમિક દષ્ટિએ પ્રકરણાદિનું જ્ઞાન સરલ રીતે અર્થ સહિત મેળવી શકે તેને માટે આ સંસ્થાનો આ પ્રયત્ન છે. આ ગ્રંથમાં તેજ રીતે દંડક તથા લઘુ સંગ્રહણી પ્રકરણ બંને મૂળ, સંસ્કૃત અનુવાદ, અવતરણ, શબ્દાર્થ અને વિશેષાર્થ સાથે સરલ રીતે આપવામાં આવ્યો છે અને છેવટે બંને એકલી એક સાથે મૂળગાથા આપવામાં આવેલ છે. અત્યારે જે મનુષ્યના બંધારણ અને મગજ શક્તિ બાળવયથીજ નબળી દેખાતી હોય તેઓ માટે આવા પ્રકરણો ગાથા સાથે શબ્દાર્થ વિશેષાર્થ આપી આ રીતે કરેલ યોજના તેવા અભ્યાસી માટે સરલતાવાળી ગણાય. હાલમાં ચાલતી જૈન શાળાઓમાં જે પ્રમાણે ધાર્મિક અભ્યાસ શિખવાય છે તે માટે આ પ્રકરણ ગ્રંથ તેને માટે ખાસ ઉપયોગી ગણાય. કાગળ ટાઇપ બાઇડીંગ વગેરે સારા છે તેમજ કિંમત પણ તેના પ્રમાણમાં યોગ્ય હોઇ ખુશી થવા જેવું છે. **શ્રી સ્તંભતીર્થ જૈન મંડળનો ત્રિવાર્ષિક હેવાલ** સં. ૧૯૮૨-૮૩-૮૪ આ સંસ્થા કેળવણીને ઉત્તેજન માટે ફંડ અને ભાષણ શ્રેણી આ બંને ઉદ્દેશો પ્રમાણે ત્રણ વર્ષમાં કાર્ય કરેલું હોય તેના રીપોર્ટ ઉપરથી માલમ પડે છે હિસાબ તથા સરવૈયું ચોખવટ વાળું છે અમે તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શ્રી વિજયધર્મ પ્રકાશક સભા**—ભાવનગર ( પાંચ વર્ષની રુપ રેખા. ) ધીમે પગલે પોતાના ઉદ્દેશને વળગી આ સંસ્થા આગળ વધે છે. આ સંસ્થાના કેટલાક સભ્યો જાણુવા પ્રમાણે કેળવણીમાં આગળ વધ્યે જાય છે તે ખુશી થવા જેવું છે. ગયા વર્ષમાં કાર્યવાહી માટે પોતાની બતાવેલી શિથિલતા આવતા વર્ષમાં આગલ વધવારૂપ છે. નવી દિશા માટે બતાવેલી આકાંક્ષાઓ અભિલાષાઓ-મનોરથો પાર પાડવા તે સંસ્થા ભાગ્યશાળી નિવડે તેમ ઇચ્છીયે છીએ.

**કોઠારી મગનલાલ ભુરાભાઇ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થી ભુવનના ધારા ધોરણ તથા નિયમો**--આ સંસ્થા જૈન બાળકોને કેળવણીના આગળ વધવા માટે એક સાધનભૂત હોઇ તે સ્થપાયાને આજે શુમારે બાર વર્ષ થયા છે. મૂળ કમીટીના સભ્યો અને ખાસ મુખ્ય હોદ્દેદારો ( પ્રમુખ સેક્રેટરીઓ ) ઘણા ઉત્સાહી અને ખંતીલા હોવાથી અને તેનો અભાવ થતાં હાલના પ્રમુખ સેક્રેટરીઓ વગેરે પણ તેવાજ લાગણી યુક્ત અને સાથે આ સંસ્થાના ગૃહપતિ મી. દલપતરાય પોતે જ સેવા ભાવી હોવાથી અને સ્થળે સ્થળે અવલોકન શક્તિનો ઉપયોગ કરી, આ સંસ્થાને અત્યારની સ્થિતિએ મુકવામાં પ્રમુખ સક્રેટરીઓ અને ગૃહપતિ તેટલા ધન્યવાદને પાત્ર છે. આવી સંસ્થાનો ઘણો આધાર ગૃહપતિ ઉપર રહે છે અને આ સંસ્થા ઉછરતી હોવા છતાં ગૃહપતિ લાગણીવાળો તેમજ સુશિક્ષિત મળેલ હોવાથી આ ફળ છે. ધારાધોરણ અને બંધારણ જોઇએ તેવું છે. વહિવટ પણ કમીટી યોગ્ય રીતે કરે છે. પ્રમુખ રા. ભગવાનલાલ હરખચંદ શેઠ તથા સેક્રેટરીઓ દુર્લભજી ઉમેદચંદ પરીખ, તથા મોહનલાલ ભુરાભાઇ દોશી છે.

**मोक्षकी कुंजी भाग १ ला** પ્રકાશક **સોભાગમલ અમુલખ** લોઢા તથા મગન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ કોચેટા સેક્રેટરી આત્મ જાગૃતિ કાર્યાલય બગડી (મારવાડ) આ ગ્રંથમાં સમકિત ઓર સંબંધી પ્રશ્નોતર આપવામાં આવેલા છે. જે વાંચવાથી સમ્યકત્વ તથા મિથ્યાત્વ એ બંને વસ્તુનું જ્ઞાન થાય છે. હિંદિ ભાષામાં હોવા છતાં રચના સરલ કરવામાં આવેલ છે. કિંમત અમૂલ્ય.

**શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત આઠ પ્રવચન માતાની સજઝાય વિગેરે**—અનેક પદ્યોનો સંગ્રહ કેટલાકના અર્થ સાથે આ બુકમાં આપવામાં આવેલ છે. અગ્યાર બોલના સજઝાયમાં અધ્યાત્મવિષય, ચરણ કરણ સત્તરી સજઝાય, આગમ છત્રીશી વગેરે જુદા જુદા ચૌદ વિષયો સમાવેલા છે. જેમાં પ્રથમ આઠ પ્રવચન માતાની સજઝાય અર્થ સાથે હોવાથી ખાસ દરેકને વાંચવા અભ્યાસ કરવા લાયક છે. ભેટ આપવાના આશયથી છપાવી પ્રકટ કર્ત્તા શ્રી કચ્છી દશા-ઓશવાળ જૈન મહાત્મ હુબલી પ્રકાશક ચતુર્ભુજ તેજપાળ હુબલીનો પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે.

૬ **ધન્નાશાલીભદ્રનો રાસ**—પ્રકટ કર્તા **શાહ લખમશી જેસંગભાઇ** પાનસર (વાયા કલોલ) કિંમત રૂા. ૧-૮-૦ આ રાસ ગુજરાતી મોટા સારા ટાઇપમાં સચિત્ર પ્રકાશ કરવામાં આવેલ છે. સુપાત્રદાન દેવાનું શું ફળ છે તેજ વર્ણન આ રાસમાં છે. સ્થળે સ્થળે સંસ્કૃત અને માગધી ઉપદેશક શ્લોક અર્થ સાથે આપેલ છે. એકંદર રીતે રાસ વાંચવા જેવો છે.

૭ **પ્રભાત** ત્રીમાસિક પુસ્તક ૧ લું અંક ૧ લો પ્રગટકર્તા **શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ પંજાબ** (ગુજરાનવાલા) તંત્રી ચંદ્રગુપ્ત જૈન બી.એ. તરફથી અમોને સમાલોચના માટે મળ્યો છે, ઉકત જૈન ગુરૂકુળના હાર્દિક ભાવો જૈન સમાજ સમક્ષ રજુ કરવા, તેમજ તેમાં થતી કાર્યવાહીથી સમાજને જાણ રાખવા અને આ ગુરૂકુળ ભવિષ્યમાં યુવાન થતાં સમાજના સંકુચિત વિચારોરૂપી કારાગૃહમાંથી મુક્તિ અપાવી ઉદ્ધાર અને વિશાળ વિચાર કરાવવા પ્રયત્ન સેવવા વિગેરે ઉદ્દેશથી આ ત્રીમાસિક પ્રકટ થયેલ છે. અમે તેનો અભ્યુદય ઇચ્છીએ છીએ અને તેનો ઉદ્દેશ પાર પડે તેમ પ્રાર્થના કરીએ છીએ.

**વીર-ધર્મનો પુનરૂદ્ધાર**—લેખક ન્યાયવિશારદ ન્યાયતીર્થ **મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ.** પ્રકાશક વિજયધર્મ પ્રકાશક સભા.-ભાવનગર મૂલ્ય સદુપયોગ. સંગઠન, લગ્નસંસ્થા, દંપતીધર્મ-ગૃહસ્થાશ્રમ, સાધુ સંસ્થાદિ વગેરે સામાજીક અને ધાર્મિક વિષયો જો કે ઘણા ભાગે સમાજમાં અને પ્રજામાં ચર્ચાય છે તેના ઉપર લેખક મુનિરાજે પોતાના વિચારો સ્વતંત્રરીતે આ ગ્રંથમાં દર્શાવ્યા છે. આ ગ્રંથમાં આવેલ વિષયોમાં ઘણી ખરી બાબતોમાં વાંચકોને કડવી અને તીખી હકીકતો જણાય તેવું છે. આ ગ્રંથના વિચારો કોઇને રૂચે કે કોઇને ન રૂચે અથવા તેવા વિચારો વાસ્તવીક છે કે અવાસ્તવીક છે તેનું માપ તો લેખક, વાચક અને વિચારકજ કરી શકે, પરંતુ આ લેખોમાં મુનિશ્રીએ શાસન પ્રત્યેની પોતાની દાઝથી લખવા પ્રેરાયા છે એમ તેઓ જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " મૂળનું જુનું અને નવું "

બહુ દુર ન જઇએ તો મહાવીર પ્રભુએ આંતર ત્યાગ કેળવી, કાયોત્સર્ગ કરી ( દેહાસ્મી મુકી, આત્માસી કેળવી–બહીર્મુખ આત્માને અંતર આત્માની મદદથી પરમાત્મ દશામાં નીમગ્ન કરી ) પુરેપુરૂં પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરી મુકત દશા પ્રાપ્ત કરી–તેને અનુભવી–કેટલાયને તાર્યા. આ મૂળનું થયું. ત્યાર પછી કેટલાય વર્ષો ચાલ્યા ગયાં પછી અજ્ઞાન દશાનું સામ્રાજ્ય હિંદમાં પ્રવર્તવા માંડયું. વીર પ્રભુનાં પુત્રોએ આપસ આપસમાં જુદા જુદા ફાંટા કાઢયાં અને દરેકે પોતાનો ફાંટો સાચો છે તે સાબીત કરવાને બીજાઓ નિંદ્યા, તેમની સામે દુશ્મનાવટ કરી, જેથી ધર્મને બદલે કુસંપનું સામ્રાજ્ય ફેલાવ્યું. મૂળમાં ફાંટો ન્હોતો, મુળમાં સંપ હતો. કષાયનો ત્યાગ થાય તોજ નવા કર્મો બાંધતાં આત્મા અટકે, પણ આ લોકોને કષાય તો પોષવાંજ હતાં તેથી ધર્મનું વિકૃત સ્વરૂપ કરી આપણને ધર્મને બ્હાને કષાય તરફ દોર્યાં. પોતાને જે શોખ હતો તે આપણામાં દાખલ કર્યો. પોતાનામાં કષાય હતાં તે આપણામાં દાખલ કર્યાં, આથી ધર્મને બ્હાને અધર્મ પ્રવર્તી રહ્યો. બીજાં ધર્મમાં મહાન પુરૂષો નીકળ્યાં. શંકરાચાર્ય, વિવેકાનંદ, રામકૃષ્ણ રામતીર્થ–તેઓએ પોતાના માર્ગ શુદ્ધ સ્વરૂપમાં બતાવ્યો. પોતાના અંતઃકરણ ઉર્ધ્વમુખી હતાં તેથી તેની કહેવાની અસર થઇ, કુસંપથી કંટાળી ગયેલાં કેટલાક જૈનો આને અનુસર્યાં. હજી પણ તેવી દશા ઘણી પ્રવર્તે છે, સમયને અનુસરીને કેળવણી આપવા માંડી તેથી તેમના અનુયાયીઓ રાજ્ય કારભારમાં પણ આગળ વધ્યાં, જેઓએ ફકત શાસ્ત્રના પુસ્તકો સ્થૂલ મન અને સ્થૂળબુદ્ધિમાં ભરી રાખ્યાં છે ને ગ્રામોફોનની માફક મોઢામાંથી બહાર કાઢે છે તેઓ આવી કેળવણીને ધિક્કારે છે. અંતઃકરણને કેળવવાની વિરૂદ્ધ પડે છે. સીદાતા શ્રાવક ક્ષેત્રની દશા તરફ બેદરકાર રહે છે પોતાની અજ્ઞાનદશાને લીધે પોતાને જે બાબત તરફ શોખ થયો છે તે તરફ બીજા ન વળે તો ક્રોધે ભરાય છે, તેમનો બહિષ્કાર કરવાને બીજાને પ્રેરે છે. ઘણાં જુના જમાનાનાં છે કે જેઓને તે લોકો ઉંધે રસ્તે દોરવી શકે છે. આથી ધર્મનો મહાન વિનાશ થવા સંભવ છે. ધર્મ પાળવાવાળાની સ્થિતિ સુધારાય તો જ ધર્મ રહી શકે, નહિંતો માણસમાં ધર્મ ન રહે તો પછી પુસ્તકોમાં જ રહે અને તેથી શું લાભ ?

જૈનોમાં મોટામાં મોટી ખામી એ છે કે તેમનામાં આત્મબળ ઓછું થઇ ગયું છે, નીર્માલ્યતા વધતી ગઇ છે. જે લોકો હાલની કેળવણી અને કેળવણીની સંસ્થાઓથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર રાખવાને પ્રયત્ન કરી રહ્યાં છે તેમનું સંઘટ્ટન ઘણું છે, લગભગ આખા ગુજરાતને કાઠીવાડ તેમણે સર કર્યાં છે, તેમની સામે લાંબી બુદ્ધિવાળાએ પોતાનું વીર્ય સ્ફોરવવાનું છે. જેટલી સંખ્યામાં જે જેટલાં જોરથી જુના જમાનાનાં લોકો ભેગાં થઇ શકે છે તેટલી સંખ્યામાં ને તેટલા બળપૂર્વક કેળવાયેલાં ભેગાં થઇ શકતાં નથી. ભેગા થાય છે તેમાં પણ પુરતો સંપ નથી, આત્મબળ નથી સ્વાર્થ ત્યાગ પણ તેમનામાં જોઇએ તેટલો નથી, આથી કરીને જૈનો બધી બાબતમાં પાછાં પડતાં જાય છે અને ધર્મ ક્યાં સૂધી ટકશે તે કહેવું મુશ્કેલ થઇ પડે છે. **દોશી નાનચંદ ઓધવજી.**

## "વિષય નિષેધ."

( રાગ–હરિગીત. )

ભવ્ય જનના હૃદય કમળ જે ભાનુપેરે ખીલવે,
અજ્ઞાન અંધારૂ વળી નિજ તેજથી દૂરે કરે;
ટાળી દઇ દોષો વળી જે તેજ સઘળે પાથરે,
દ્યો જયવંતિ એ ભારતી શ્રી આર્હતી વાણી મને. ૧
અતિ કુપિત કો દુશ્મન થકી વા મત્તમાતંગથી અહો,
કો કેસરી યા કેતુથી વા રૂષ્ટ રાજવીથી કહો;
અતિ રૌદ્ર કાળ કૂટે વળી યા યમથકી ઉત્પન્ન થતું,
જે દુઃખ તેથી શતઘણું દુઃખ ઉગ્ર છે વિષય તણું. ૨
જે વિષયોમાં રાજવી કે શુક્ર નવ તૃપ્તિ લહે,
સામાન્ય માનવ તેહમાં સંતોષ હા ! ક્યાંથી ગ્રહે ?
માતંગ મોટા સ્હેલથી ખેંચાય છે જે સરિતમાં,
શશલા બિચારાના કહોકે તે નદીમાં શા ગજા ? ૩
સુરદેવને પણ જેહ વિષયો દુઃખકારી નીવડે,
તેમાં કહો જન જગ્તના સુખ અલ્પ પણ ક્યાંથી લહે ?
મદમત્ત જુથ માતંગનું વિદારી નાંખે જે અહો !
તે મૃગપતિ મુખ મૃગલાને છોડી દેશે શું કહો ? ૪
ઉર ઉદધિ જો તૃપ્તિ પામે સરિતકેરા સલીલથી,
વળી તુષ્ટ થાયે અગ્નિ કદી જો કાષ્ટ કેરા સમૂહથી;
તો માનવી આ વિષયોમાં તૃપ્ત થાયે જાણીએ,
દુશ્મન ગણી સૌ તેહથી તો વિરમો ચિંતી મને. ૫

**વાડીલાલ જીવાભાઇ ચોકસી–ખંભાત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય પરિચય માટે એક અમૂલ્ય સુચના.

જૈન સમાજમાં થોડા ઘણા અંશે વાંચનનો શોખ વધ્યો છે તેવા સંયોગમાં અને તે વિશેષ વધે તે માટે કાંઇ પ્રસ્તક પરિચય આપવાથી વિશેષ લાભ થવા સંભવ છે, એમ જાણી દિવસાનુદિવસ જૈનધર્મના પ્રકટ થતાં નવા પુસ્તકો તે કયા કયા છે? શા વિષય ઉપર છે? લખનાર? પ્રકટ કરનાર કોણ છે? કઇ ભાષામાં પ્રગટ થયેલ છે? કિંમત, મળવાનું સ્થળ વગેરે માહિતી, વાંચનના અભિલાષિઓને અને જ્ઞાનભંડાર અને પુસ્તકાલયના સંચાલકોને મળે તેટલા માટે દર ત્રણમાસે કે જરૂરીયાત પ્રમાણે આ માસિકમાં ઉપરોકત હકીકત સાથે વારંવાર પ્રકટ કરવાની યોજના કરવા ધારી છે, તેથી જેમ આ માસિકમાં સમાલોચના ( અભિપ્રાયાર્થે ) દરેક ગ્રંથ પ્રકટ કરનાર સંસ્થા અને કેટલાક જૈનબંધુ તેઓના તે તે ગ્રંથો તે માટે મોકલે છે, તેમ જૈન સમાજમાં પ્રકટ થતાં તમામ ગ્રંથો તેના પ્રકટ કર્ત્તા તરફથી માહિતી સાથે અમોને મળે જાય તોજ આ માહેતી પત્રક અમો બનતા પ્રયત્ને આપી શકીયે, જેથી આ કાર્યમાં જૈનધર્મના પ્રકટ થતાં પુસ્તકોના લેખકો, પ્રકાશકો, સંપાદકો, અનુવાદકો વગેરે અમોને ઉપર પ્રમાણે આ ખબર આપવામાં મદદ કરશે તો તે સાભાર સ્વીકારવા સાથે આવતા માસથી આ જાતનું પુસ્તક માહેતી વર્ણન આપવામાં આવશે, જેથી જૈન સમાજમાં કેવું, કેટલું, કઇ જાતનું સાહિત્ય પ્રકટ થાય છે તે જાણી શકાય.

---

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત—

## ऐन्द्र स्तुति चतुर्विंशतिका.

### ( स्वोपज्ञ विवरणयुता )

**સંપાદક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.**

આ ગ્રંથમાં ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓ વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં શ્રીમાન યશોવિજયજી મહારાજ કૃત આવેલ છે. કાવ્યો સુંદર અને ટીકા શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે. અભ્યાસીઓને પઠનપાઠન કરવા યોગ્ય આ કાવ્ય અને વિવરણ શુદ્ધ કરવા તેમજ અસલપ્રતમાં તુટી ગયેલા પાઠોને ઉપાધ્યાયજીના શબ્દોમાંજ સાંધવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથમાં આ ચોવીસી સાથે પરમજ્યોતિ પચ્ચીશી, પરમાત્મ પચ્ચીશી, વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય અને શ્રી શત્રુંજય મંડન શ્રી રૂષભદેવ સ્તવન ( સંસ્કૃતમાં ) વગેરે કાવ્યો પ્રકટ કરી સંસ્કૃત સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે. સાધુસાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ખાસ ઉપયોગ માટે આર્થિક સહાય આપનાર બંધુની ઇચ્છાને માન આપી તેમણે આપેલી રકમ બાદ કરી વધારાના ખર્ચ પુરતી માત્ર કિંમત ચાર આના પોસ્ટેજ ખર્ચ અઢી આના સાથે માત્ર નામની કિંમત સાડા છઆના રાખેલી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી ઉંચી જાતના કપડાનું પાકું બાઇંડીંગ કરાવેલ છે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંજાબકેસરી લાલા લજપતરાય.

" રાજકીય રણાંગણમાં સદા શહીદના સાહસ, શૌર્ય આવેશ અને નિર્ભયતાથી ઝઝુમનાર લાલાજીના જીવનની બીજી બાજુઓ પણ એટલી જ જ્વલંત છે. દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં એ નરવીર સદા અગ્રેસર હતો. એ રાજકીય લડવૈયો, શિક્ષણશાસ્ત્રી, ઇતિહાસકાર, સમાજસુધારક, દલિતોદ્ધારક અખબાર નવેશ–અને શું શું ન હતો. એ નરપુંગવનું જીવન સંપૂર્ણ હતું. એનું હૃદય યોદ્ધાનું અને એનો આત્મા સંતનો હતો, અને જીવ્હા જ્વાલાનાં તત્વોની બનેલી હતી. દેશને કાજે ભોગ ધરવાની એની શકિત અજોડ હતી. એણે એનું દેશકાર્ય એનાં મૃત્યુ પછીયે અવિરત ચાલુ રહે એટલા માટે ગોખલેજીની હિંદ સેવક સમાજ જેવી હિંદ લોક સેવક સમાજ સ્થાપી; એણે હિંદુ સમાજમાં નવ પ્રાણ પૂરવાને હિંદુ સંગઠ્ઠનની પ્રવૃતિની સરદારી લીધી; એણે હિંદુને તાકાત જમાવવાનો મંત્ર શિખવ્યો; એણે લાહોરની દયાનંદ કોલેજ જેવી સંખ્યાબંધ શિક્ષણ સંસ્થાઓ સ્થાપવામાં હિસ્સો પુર્યો; અને છેલ્લે છેલ્લે પોતાની મિલ્કતની પાઇએ પાઇનું દાન કરી દઇ લાહોરમાં પોતાનાં માતાનાં નામથી મહિલાઓ માટે એક ઇસ્પીતાલ સ્થાપીને અને પોતાના વતનમાં પિતાના નામથી એક હાઇસ્કુલ સ્થાપીને એ આત્માએ તૃપ્તિ અનુભવી લાલાજીએ ઇતિહાસ રચ્યો છે. સદી પછી લોકો માનતાં અચકાશે એવો અદ્દભુત ઇતિહાસ રચ્યો છે. લાલાજી, આ લીટીઓ લખનારને મન, અને કદાચ બીજા ઘણાયને મન, તિલક અને ચિત્તરંજનથી યે મહાન વિભૂતિ હતા. સ્વપ્નો, યોજનાઓ, ને સિદ્ધિઓમાં એ પંજાબ કેસરી લજપતનું સ્થાન લેનીનની હરોળમાં છે.

' મહાન લજપત તેના દેશબંધુઓની વચ્ચેથી ચાલ્યો ગયો; માનવોનાં જન્મ અને મૃત્યુ ઉપર શાસના કરતા દેવતાઓએ તેને ઉચકી લીધો. આજે જાણે અરધી સદી સુધી, કોઇ ગિરિશૃંગ ઉપર ઉભી રણભેરી બજાવનાર એ શૃંગની પાછળ અદૃશ્ય બની જાય છે. ઘડીભર લાગે છે કે એ રણભેરીનું રણગાન પુરૂં થયું છે. પણ ના, એ રણગાનના પ્રેરકસૂરના દિગન્તવ્યાપી પડઘા ગિરિઓને ગવ્હરો, અરણ્યો ને વનરાઇઓ, નદી તીરો અને જનપદોની મધ્યે હજી ગાજીજ રહ્યા છે.

અને જ્યાં સુધી ભારત સ્વાધીન નહિ બને ત્યાં સુધી ગાજ્યા કરશે. લજપતની રણભેરી બજ્યા જ કરશે. એ રણભેરી અમર છે "

શ્રી કક્કલભાઇ કોઠારી.

For Private And Personal Use Only